RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 12, Year: 68, March, 2022, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા



















# સભાની માતબર પ્રવૃત્તિઓ

આધારસ્તંભ યોજના

શૈક્ષણિક ઉત્કર્ષ યોજના

તબીબી સહાય

સ્વધર્મી સહાય

સેનેટોરિયમ

મેડીક્લેમ યોજના

પત્રિકા પ્રકાશન

BIO-DATA

# RIDDHI ALPESH SHAH

## PERSONAL DETAILS



DOB : 06th March 1999
Time : 02.49 PM, Borivali
Height : 5'.4"
Religion : Visha Shrimali Sthankwasi Jain (Zalawadi)
Education : Bachelor's of Management Studies (BMS) Pursuing Post Graduation in Master of Business Administration (MBA - NMIMS)
Profession : Sr. Executive - Tech Mahindra Ltd.
Hobbies : Travelling, Photography, Music
Native : Pir Bhadiyad
Email ID : riddhishahrs39@gmail.com
Contact : +91 9757 019499

## FAMILY DETAILS

Father : Alpesh Mansukhlal Shah (+91 9819 723113 / +91 8369 134319)
Iron & Steel Merchant
Mother : Meena Alpesh Shah (+91 8104 458656)
HomeMaker
Grand Parents : Late Mansukhlal Vadilal Shah
Late Shardaben Mansukhlal Shah
Siblings : Ruchi Alpesh Shah (SYBMS)
Rakhi Alpesh Shah (SYJC)
Address : A/402, Pancham Building 1, Hemukalani Cross Rd no. 2 , Iraniwadi, Near Indian Bank Kandivali (W), Mumbai - 400 067.

## PATERNAL DETAILS

Uncle & Aunt : Dipti Kamlesh Shah (+91 9819 823113 )
Faiba & Fuva : Bhavnaben Rajendrakumar Shah Kandivali E (+91 9820 203082)
Jayshreeben Mukeshkumar Shah Amalner (+91 8830 555800)

## MATERNAL DETAILS

Nana & Nani : Nagindas Narottamdas Gopani
Manjulaben Nagindas Gopani (Borivali W)
Mama : Chandresh Nagindas Gopani (+91 9892 108667)
Chirag Nagindas Gopani (+91 9324 403186)

Advt.

BIO-DATA

# RUMIT KETAN VORA



| | | |
|---|---|---|
| BIRTH DETAILS | : | 20.02.1995 (1.56 p.m.) Mumbai, Maharashtra |
| HEIGHT & WEIGHT | : | 6' Feet, 79 Kgs. |
| Blood Group | : | B+ve |
| HOBBIES | : | READING, TRAVELLING, CRICKET |
| E-MAIL | : | vorarumit@gmail.com |
| Mobile No. | : | 9987846777 |

## EDUCATION & CAREER

| | | |
|---|---|---|
| SCHOOL | : | North Mumbai Welfare Society High School, Ghatkopar |
| Bachelor | : | B.Com., Mulund College of Commerce - Mulund,<br>Certified Technical Analyst<br>(Imperial Institute of Capital Markets) |
| Work : | | Business : Professional Stock Market Trader & Advisor |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Religion | : | Kathiawadi Dashashrimali Derawasi Jain |
| Native Place | : | Amrapur (Vinchya) Jasdan |
| Father | : | Ketan Pravinchandra Vora : M 7710070701<br>Arham Enterprises (Govt. Supplies) |
| Mother | : | Neepa Ketan Vora : M. 9821755692<br>Housewife |

## PARENTAL FAMILY

: Pravinchandra Vrajlal Vora,
Manjula P. Vora

## MATERNAL FAMILY

| | | |
|---|---|---|
| | : | Late. Arvind Harilal Shah (Lakhtar)<br>Late. Usha Arvind Shah |
| Mama | : | Dharmesh Arvind Shah - M - 9833611111 |
| Residence | : | 102, Shanti, Opp. Krishna Kunj Tower,<br>Tambe Nagar, S.N. Road,<br>Mulund (West), Mumbai - 400080. |

Advt.

## BIO-DATA



# Jash Kamal Doshi

**E-Mail:** jashdoshi2711@gmail.com

**Mob: +91 99201 80830**

## Personal Dossier:

**Birth Date**: 27th November 1995

**Birth details:** 07:32 am, Jabalpur, Madhya Pradesh

**Height**: 5 ft 10 in

**Qualification**: M.B.A, Finance (IBS Hyderabad)

B.E, Electronics (K.J. Somaiya Vidyavihar)

**Work Profile**: India Client Service Manager at Marsh McLennan Insurance Broker

**Hobbies:** Cricket, Travelling, Trekking

**Native place**: Kharwa, Vadhvan

**Religion**: Zalawadi Visha Shrimali Sthanakwasi Jain

## Family Details:

**Current Residence:** B 510, Om Shreepal Nagar, Satya Nagar, Borivali west, Mumbai-92

**Permanent Residence {New}:** B 201, Anamika Avenue, Mahavir Nagar, Kandivali west, Mumbai-67

**Father:** Kamalbhai Pravinchandra Doshi Mob: +91 98924 16110

**Father's Work Profile:** Stock Market Trader, B.E (Civil)

**Mother:** Sangitaben Kamalbhai Doshi Mob: +91 90049 98420

## Paternal Details:

**Dada:** Late Pravinchandra Vadilal Doshi (kharvawala)

**Dadi:** Late Shardaben Pravinchandra Doshi

**Kaka:** Bimalbhai Pravinchandra Doshi +91 93745 14317

**Kaki:** Heenaben Bimalbhai Doshi

## Maternal Details:

**Nana & Nani :** Late Kantilal Ujamshi Shah Late Sudhaben Kantilal Shah (Jabalpurwala)

**Mama**: Rajubhai Kantilal Shah (kalol) Mob: +91 87340 07122

Nileshbhai Kantilal Shah

**Masa:** Late Bhupendrabhai Sanghvi

Nileshbhai Sanghvi (Borsad) Mob: +91 99095 99500

Advt.

**BIO-DATA**

# HARSHINI SHAH



## PERSONAL DETAILS

**Date Of Birth:** 7th May 1995 (12:37 pm)
**Place Of Birth:** Chembur, Mumbai
**Height:** 5 feet
**Religion:** Dashashrimali Sthanankvasi Jain
**Native Place:** Than, Surrendranagar
**Address:** Shah-Veera Bldg, 1st Fl, Chhaya Society, Chembur Naka, Mumbai - 71

## EDUCATION

**CFA:** Level 2 candidate
**M.COM:** KJ Somaiya College Of Science and Commerce
**B.COM:** R.A. Podar College Of Commerce & Economics

## WORK EXPERIENCE

**Co-Founder/ Business:** www.packnest.com (e-commerce business - Packaging solutions)
www.itspapped.com (customised gifting solutions)

**Previously worked as:** Risk Analyst at KPMG

## FAMILY DETAILS

**Father:** Dr. Samir J. Shah (MBBS, M.D.) Consultant in Internal Medicine
**Contact:** **+91 9322278853**
**Clinic:** Shah Polyclinic, Chembur Station(E), Mumbai-400071
**Mother:** Dr. Jigisha S. Shah (MBBS)
**Contact:** **+91 9969667718**, jss01848@gmail.com
**Younger Sister:** Namasvi S. Shah (BTech: Computer Engineering)

## PATERNAL FAMILY

**Grandfather:** Late Dr. Jashvantray Revashankar Shah
**Grandmother:** Late Mrs. Ranjan J. Shah
**Uncle:** Dr. Atul J. Shah (+91 9322278858)
**Aunt:** Smt. Bina A. Shah (+91 9869879019)

**Kakiba:** Smt. Rekha V. Shah
**Uncles:** Shri Rajnikant V. Shah
Shri Manoj V. Shah
Shri Sunil V. Shah

## MATERNAL FAMILY (MOSAL)

**Nana:** Shri Anantrai Bhuralal Gandhi (Pratap Brothers Chandiwala, Zaveri Bazaar)
**Nani:** Smt. Hansa A.Gandhi
**Mama:** Mr. Rupesh A. Gandhi
**Mami:** Mrs. Alpa R. Gandhi
**Masis:** Smt. Tejal Montu Desai (+918879701846)
Smt. Priti Jiten Gathani
Smt. Neepa Vijay Bavishi

Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

માર્ચ ૨૦૨૨

વર્ષ : ૬૮ : : અંક : ૧૨

: તંત્રી :

સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :

પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.

મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧

Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૦૨૨–૩૫૭૪૦૮૧૧

: ફક્ત પત્રિકાનું લવાજમ :

ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST

ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–

છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*




# ફાગણ

રુંવે રુંવે રણઝણ છે, આ કેસૂડાના કામણ છે

ફૂલ ફટાયો ફાગણ છે, આ કેસૂડાના કામણ છે

કમરો વિહ્વળ ધબકે છે, ઉંબર મીઠું ટહુકે છે

રંગે લથબથ આંગણ છે, આ કેસૂડાના કામણ છે

ફૂલો એનું વળગણ છે, રંગો એનું પહરેણ છે

રંગ રસીલો સાજણ છે, આ કેસૂડાના કામણ છે

નહીં ઓળખે, ડૂબ્યો છું, આખોય ખોવાયો છું

રંગોના આ સગપણ છે, આ કેસૂડાના કામણ છે.

# ભક્ત પ્રલ્હાદ



'**રા**મચરિતમાનસ' માં પ્રહલાદને ભક્ત શિરોમણિ કહેવાયા છે. પ્રહલાદનું જીવન અત્યંત તકલીફવાળું રહ્યું છે. તેમ છતાં તે આજીવન ઈશ્વરમાં ડૂબેલા રહ્યા છે. પ્રહલાદ પ્રભુની સ્તુતિ કરે છે. કૃષ્ણ ભગવાન કહે છે, 'માગો, જે કામના હોય, હું પૂરી કરીશ.' પ્રહલાદ કહે છે, 'પ્રભુ જો તમે મારી બધી જ કામના પૂરી કરવા તૈયાર છો તો હું એક બાબત માગું છું કે મારા અંદર ક્યારેય કોઈ કામના જ પ્રગટ ન થાય.'

આ બાળક ક્યારેય નિરાશ થયો નથી, નિરુત્સાહિત પણ થયો નથી, ગમે તેવી સ્થિતમાં પ્રહલાદનો વિશ્વાસ ડગ્યો નથી, ઉદાસ થયો નથી. કેટ-કેટલી આફતો તેના માથે આવી ! તેમ છતાં વિશ્વાસના બળે તેનો સામનો કર્યો. ભક્ત શિરોમણિ પણ વિપત્તિ, આઘાત સહન કરવો ઘણું જ અઘરું કામ છે. ભજન કરવામાં, વિશ્વાસ રાખવામાં, શરણાગત થવામાં આ અત્યંત કોમળ હોય છે. આવા પ્રહલાદ આપણા માટે ઘણી મોટી પ્રેરણા છે.




એક તરફ હિરણ્યકશ્યપુનો એટલો મોટો આતંક અને તેના વચ્ચે એક નિર્દોષ બાળકનો આટલો ઊંચો વિશ્વાસ કામ કરી ગયો. હિરણ્યકશ્યપુ પોતાના પુત્રને ખોળામાંથી જમીન પર ફેંકી દે છે. કેટલી યાતનાઓ આપી, પર્વત પરથી ફેંક્યો, હાથીના પગ નીચે કચડ્યો. આખરે જ્યારે થાંભલાની વાત આવી કે હરિ તો સર્વત્ર છે તો કહ્યું કે, શું તારા હરિ આ થાંભલામાં છે ? અને અટલ શ્રદ્ધા, અટલ વિશ્વાસ, અખંડ ભરોસાની સાથે પ્રહલાદે કહી દીધું કે હા, હરી દરેક જગ્યાએ છે તો થાંભલામાં પણ છે. અને પછી કહ્યું કે બતાવો ! આશ્રિતના વચનને સાચું સાબિત કરવા પરમાત્મા એકદમ દોડ્યા અને થાંભલામાં પ્રગટ થયા. પ્રહલાદજીના સ્વભાવનું વર્ણન કરતા કહેવાયું છે, 'બ્રાહ્મણા: શીલસંપન્નૌ સત્યસંધૌ જિતેન્દ્રિય.' પ્રહલાદ બ્રાહ્મણ ભક્ત છે, તે શીલ સંપન્ન છે, સત્યવ્રતી છે અને જિતેન્દ્રિય છે. અને ચારેયના ઉપર આ ચારને નિયંત્રિત કરતી તેમની હરિભક્તિ, જે એ ભગતને શિરોમણિ બનાવી દે છે. મને લાગે છે કે ઈશ્વરપ્રાપ્ત પ્રહલાદ, જે ભગવાનનું કઠોર સ્વરૂપ અને કોમળ સ્વરૂપ બંનેના સાક્ષી છે. અને ભગવાન કઠોર-કોમળ હોય છે. આ તેમનો સ્વભાવ છે. કુસુમથી પણ કોમળ અને વજ્રથી પણ કઠોર એ તેમનો સહજ સ્વભાવ છે. નૃસિંહ બનીને આવ્યા તો એટલા કઠોર અને આટલા કોમળ પણ. વર્તમાનમાં પ્રહલાદ આપણા સૌના માટે પ્રેરણાસ્વરૂપ છે.

**ઉત્સાહ-આનંદનું નામ....**

પ્રહલાદનું નામ જ આપણને ભરપૂર પ્રેરણા અને પ્રકાશ આપે છે, માર્ગ બતાવે છે. જેના જીવનમાં કોઈ પણ સ્થિતિમાં, પાછળથી આઘાત-પ્રત્યાઘાત આવે, પરંતુ પ્રથમ આહલાદ જ હોય, પ્રહલાદનું જીવન પ્રથમ તબક્કાથી જ આહલાદ સાથે, ઉત્સાહથી, આનંદથી ભરેલું રહેતું હતું.

❖❖❖

# તંત્રીની કલમે....

૨૦૨૧-૨૨નું નાણાકીય વર્ષ સંપન્ન થઈ રહ્યું છે. વૈયક્તિક આવક જાવકના સરવૈયા સાથે સમષ્ટિની વાત વિચારીએ તો છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને કારણે વેઠવી પડેલી આપદાઓનો અંત આવ્યો છે. પરિણામે વૈશ્વિક સ્તરે નવી આશા-નવી શ્રદ્ધાનો સંચાર થયો.

અને હવે, યુક્રેન અને રશિયાના યુદ્ધને કારણે વિશ્વયુદ્ધની દહેશત ફેલાઈ. જગતની મહાસત્તાઓના વર્ચસ્વને માટે કેટલાયે નિર્દોષ નાગરિકોના જાનમાલની ખુવારી થઈ રહી છે. આપણા સમર્થ નેતૃત્વને કારણે યુક્રેન ગયેલા ભારતીયો 'ઓપરેશન ગંગા' દ્વારા સહિસલામત વતન પાછા ફર્યા છે. આપણી અહિંસાના પરમાણુઓ વિશ્વભરમાં શાંતિ પ્રસરાવે એવી અભ્યર્થના.

સામાજિક સ્તરે આ બે વર્ષમાં જનસંપર્ક ઓછો રહ્યો તેમ છતાં સંસ્થાનું કાર્ય તો ધીમી પણ મક્કમ ગતિએ આગળ ધપતું જ રહ્યું

રિ-ડેવલપમેન્ટમાં ગયેલી કોલભાટ લેનની આપણી ઓફિસ અદ્યતન સ્વાંગમાં સજ્જ થઈ ચૂકી છે. પંચગીની સેનેટોરિયમે નવા કલેવર ધર્યા છે. લોનાવલા સેનેટોરિયમના નૂતનીકરણનો આરંભ કરી રહ્યા છીએ.

સભાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજનાના અન્વયે વિદેશ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને તથા ઉચ્ચ શિક્ષણ માટેના વિદ્યાર્થીઓને ૧-૫ કરોડની વ્યાજમુક્ત લોન આપણે આપી શક્યા છીએ. એક ઊજળું ભવિષ્ય આકાર લઈ રહ્યું છે. સાધર્મિક સહાય પેટે ૧૨૫ કુટુંબોને રાહત આપવામાં આવી રહી છે. મેડિક્લેમ યોજનામાં ૧૯૦ કુટુંબોને પ્રિમીયમની સહાય મળી રહી છે. દેવલાલી સેનેટોરિયમમાં સુશોભિકરણની સાથે સદ્‌ગત પ્રમુખશ્રી સી.યુ.શાહની અર્ધપ્રતિમાનું અનાવરણ થવા જઈ રહ્યું છે. સભાના સભ્યોને જેનેરિક દવાની સહાય પહોંચાડવામાં આવી રહી છે. આપ સહુના સાથ-સહકાર, દાતાઓની દિલેરી તથા કમિટી મેમ્બર્સનાં પુરુષાર્થ થકી આ કાર્યો સંપન્ન થયા છે. સભાની પ્રગતિમાં - સમાજની પ્રગતિમાં સહુ સહભાગી બનીએ.

અસ્તુ.

**- સંધ્યા શાહ**

# જૈનોનું અતિ પવિત્ર તીર્થ ગિરનાર

નગાધિરાજ હિમાલય કરતાંયે પ્રાચીન તીર્થસ્થાન ગણાવાયેલો ગિરનાર પર્વત સૌરાષ્ટ્રનાં તીર્થસ્થળોમાં આગવું ને અદ્વિતીય સ્થાન ભોગવે છે. પુરાણોમાં પણ આ યાત્રાધામ વિશે અનેક માહાત્મ્યો લખાયાં છે. શૈવ, શાક્ત, જૈન, વૈષ્ણવ, બૌધ, નાથ અને પિરાણા-મુસ્લિમ વગેરે સંપ્રદાયોનાં પ્રસિદ્ધ મંદિરો ધરાવતું સાંસ્કૃતિક એકતા સમજાવતું આ ક્ષેત્ર પરિક્રમા, ભવનાથનો સુપ્રસિદ્ધ મેળો અને કલાસંપન્ન જૈન મંદિરો માટે ભારત વર્ષમાં યાત્રાધામ તરીકે ખાસ કરીને તમામ પંથ-સંપ્રદાયોના સાધુઓના મિલન સ્થળ માટે જાણીતું છે. જૈન ધર્મના શ્વેતાંબર મૂર્તિપૂજકો અને દિગંબરો ગિરનારને અતિ પવિત્ર તીર્થ ગણે છે. 'દેવકોટ' તરીકે ઓળખાતી ગિરનારની પ્રથમ-ટૂંક ઉપરકોટમાં બાવીસમા તીર્થંકર નેમિનાથ અને તેમની પવિત્ર સાધ્વી પત્ની રાજુલે તપસાધના કરેલી તેથી અહીંના તીર્થનાયકને નેમિનાથ ભગવાનના મુખ્ય મંદિર ઉપરાંત પાર્શ્વનાથ, સંભવનાથ, ચંદ્રપ્રભુ અને વસ્તુપાળ-તેજપાળનાં દેહરાં જૈન સંપ્રદાયના અનુયાયીઓ માટે તીર્થસ્થળ હોવા ઉપરાંત તમામ યાત્રાળુઓને હૃદયની પ્રસન્નતા અર્પે છે. અહીં નેમિનાથ ભગવાનના ત્રણ કલ્યાણકોને થયાં હોવાને કારણે આ સ્થાનનું વિશેષ સાંપ્રદાયિક મહત્ત્વ છે.



જૈન સાહિત્યની અમરકથા :

## 'નેમ રાજુલ'
## નેમ-રાજુલની સજ્ઝાય

દ્વારાપુરીનો નેમ રાજિયો,
તજી જેણે રાજુલ જેવી નાર રે.
ગિરનારી નેમ સંયમ લીધો છે બાળાવેશમાં...

ભાભીએ મહેણલાં મારિયાં,
પરણે વ્હાલો શ્રીકૃષ્ણનો વીર રે.
ગિરનારી નેમ...

મંડપ રહ્યો છે મધ્યચોકમાં,
હલક્યા છે કંઈ દ્વારાપુરીના લોક રે...
ગિરનારી નેમ...

ગોખે તે રાજુલ સતી જોઈ રહ્યાં,
ક્યારે આવે યાદવ કુળનો દીપ રે.
ગિરનારી નેમ...

સાસુએ પોંખણા લીધા નેમનાં,
વ્હાલો મારો તોરણ છબવા જાય રે.
ગિરનારી નેમ...

પશુડાએ નેમને પોકારિયા,
ઊભા રહો રાજુલના વ્હાલા કંત રે,
ગિરનારી નેમ...

નેમજીએ સારથિને બોલાવિયા,
શાને કરે છે પશુડાં પોકાર રે ?
ગિરનારી નેમ...

રાતે રાજુલ બેની પરણશે,
સવારે દેશે ગૌરવનો ભોજન રે,
ગિરનારી નેમ...

તોરણથી રથ પાછો વાળિયો,
જઈ પ્હોંચ્યા છે ગિરિગુફા મોઝાર રે,
ગિરનારી નેમ...

રાજુલ રોએ છે મેલી ધ્રુસકે,
રોવે રોવે કંઈ દ્વારાપુરીના લોક રે,
ગિરનારી નેમ...

માવીતર રાજુલને સમજાવતાં,
અવર દેશું નેમ સરીખો કંત રે,
ગિરનારી નેમ...

પિયુ તે નેમ એક ધારિયા,
અવર લેખું ભાઈ ને બાપ રે,
ગિરનારી નેમ...

જમણી આંખે તે શ્રાવણ સરસરે,
ડાબી આંખે ભાદરવો ભરપૂર રે
ગિરનારી નેમ...

ચીર ભીંજાણા રાજુલ નારના,
આવ્યું છે કંઈ સંકટ અપરંપાર રે,
ગિરનારી નેમ...

જૈન તીર્થંકર બાવીશમા,
રાજુલ સાથે દીધાં કર્મ તોડ રે,
ગિરનારી નેમ...

હર્ષવિજયની છે વિનંતી,
ઉમેદવિજય, કહે છે કર જોડ રે.
ગિરનારી નેમ...

# ગરુડ અને ગોકળગાય

મકરન્દ દવે


એક આશ્ચર્ય આપણે જોઈએ છીએ કે એક માણસ ઘણી સાધના કરે છે, તપશ્ચર્યા કરે છે, આધ્યાત્મિક જીવન ગાળે છે. વર્ષો સુધી એનું જીવન તપમાં જાય છે, સ્વાધ્યાયમાં જાય છે. અનેક તીર્થયાત્રા કરે છે છતાં એને કોઈ પ્રાપ્તિ થતી નથી. એ માણસ હતો એવો ને એવો જ રહે છે. એને પોતાને પણ લાગે છે કે, 'મારામાં કાંઈ પરિવર્તન થયું નથી, કાંઈ ફેરફાર થયો નથી.' બીજો એક માણસ છે એણે આધ્યાત્મિક કહેવાય એવું જીવન જીવ્યું નથી હોતું. શાસ્ત્ર વાંચન, તીર્થયાત્રા, તપશ્ચર્યા કે સાધના કરી હોતી નથી પણ અચાનક જ થોડા સમયમાં જ એ માણસ બદલાઈ જાય છે. એ વ્યક્તિની ધાતુ બદલાઈ જાય છે. આમ કેમ બને છે ? આપણે આવા ઘણા પ્રસંગો જોઈએ છીએ.

એનું કારણ શું ? આમ કેમ ? પછી આપણે કહીએ કે પૂર્વજન્મની સાધના હશે એને કારણે થયું હશે. એ વાત પણ સાચી હોઈ શકે પણ એક વાત એ પણ હોઈ શકે કે તીવ્ર સંવેગ, સંવેગ શબ્દ છે, વેગ નહીં. સમ્યક વેગ - યથાયોગ્ય ગતિ. માણસ યથાયોગ્ય ગતિમાં મુકાઈ જાય ત્યારે કાંઈ ઘટના બને છે. એ યથાયોગ્ય ગતિ એવી છે કે જેમાં દોડ પણ નથી અને શિથિલતા કે નિષ્ક્રિયતા પણ નથી. યથાયોગ્યતામાં મૂળભૂત ચક્ર - બ્રહ્મચક્રમાં નાનું ચક્ર એવું ગોઠવાઈ ગયું હોય એને કારણે હઠાત્ અચાનક લાગે એવી રીતે પડદા હટી જાય છે. એ ઘટના કહેવાતા સાધકમાં કેમ નથી બનતી ? એનું કારણ એ પણ હોઈ શકે કે



જે સાધના કરે છે, તપશ્ચર્યા કરે છે, તીર્થયાત્રા કરે છે, જે ઘણો મોટો ભાગ આધ્યાત્મિક કહેવાતા જીવનમાં ગાળે છે પણ તે તેની પાછળ માની લીધેલું અસ્તિત્વ સાથે લઈને ફરે છે. બહારની દૃષ્ટિએ ઘણી ગતિ કરી હોવા છતાં અંદરથી એક પગલું પણ વધી શક્યા નથી હોતા.

એને માટે આપણે બે દ્રષ્ટાંત જોઈએ - એક ગોકળગાય અને બીજું ગરુડ. ગોકળગાય અને ગરુડમાં શું ફેર છે ? ગોકળગાયની ગતિ ઘણી ધીમી છે. શા માટે ? કારણ કે તે પોતાનું ઘર સાથે લઈને ફરે છે માટે. તમે જોયું હોય તો એક શંખલાની અંદર ગોકળગાય હોય છે. અને જ્યારે તેને ભય લાગે ત્યારે તે અંદર ગરી જાય છે. આ આપણે પોતાનું ઘર લઈને હિમાલય જઈએ એવું છે. વિચાર કરજો -



ક્યાંક ને ક્યાંક આપણે આપણી બેડી લઈને કહેવાતી મુક્તિના મેદાનમાં, આધ્યાત્મિકતામાં ફરતા હોઈએ છીએ. મુખ્ય કાર્ય તો ઘરને પ્રજાળી મૂકવાનું છે, ઘરનો પાયામાંથી જ નાશ કરવાનું છે. ગરુડ આકાશમાં ઊડે છે. એનેય માળો છે પણ એ માળો લઈને જતું નથી. જે ગોકળગાય અને ગરુડમાં ફેર છે એ ફેર કહેવાતી લાંબી આધ્યાત્મિક યાત્રા કરનારમાં અને હઠાત્, જેમાં અચાનક ફેરફાર થાય છે એવો છે.

હઠાત્‌ના અનેક ઉદાહરણ છે. વાલ્મીકિ લૂંટારા હતા. હિંસા કરતા હતા પણ એક ક્ષણે એમને તમામ હિંસામાં રહેલી ભયાનકતા દેખાઈ આવી અને તેમનાં પગલાં નિજ બાજુ વાળી ગયાં. અશોકને કલિંગના વિજય પછી થયું કે 'આ રાજ્ય માટે આવી હિંસા ! આવી ઘોર હત્યા ?' અને એ ચંડ અશોક કહેવાતો હતો એમાંથી ધર્મબુદ્ધિવાળો અશોક થઈ ગયો. આપણે ત્યાં ડાકુઓના, બહારવટિયાના અનેક દાખલા છે કે જે સંત થઈ ગયા હોય. કારણ કે બધા જે સામાન્ય ચકરાવો ચાલતો હોય છે એની સીમા ભેદીને, સીમોલ્લંઘન કરીને બહાર આવી ગયા હોય છે. જ્યારે આપણે કોઈ સાધના કે ઉપાસના કરીએ એમાં આપણે પોતાને વધુ ઘેરાવામાં લેતા જઈએ છીએ. આટલી સાધના-ઉપાસના મેં કરી છતાં કેમ કાંઈ થતું નથી ? 'હું કરું છું' એ આવે છે એટલે થતું નથી. મારી સાથે એ કર્યાનો ભાર-ભંડાર લઈને ચાલું છું. હું ખાલી તો ન થયો. એ જ્યારે ઓગળી જાય ત્યારે કંઈક થાય. આધ્યાત્મિકતામાં ખાલી થવાનું છે, માળો છોડવાનો છે, ઘર છોડવાનું છે અને પરમગતિની સાથે પોતાની ગતિ મેળવી દેવાની છે. તો ગતિ નથી અને સ્થિતિ પણ નથી. કર્યાનો ખ્યાલ પણ નથી. આટલું કર્યું કે ન કર્યું એનો

હિસાબ પણ નથી. હું હિસાબી છું એટલે ખોટ ખાઉં છું. આ વાત સમજાય છેને ? નાની વાત છે. દૃષ્ટાંત તરીકે ગોકળગાય અને ગરુડ લીધાં. મને કોણ રોકે છે ? મારું ઘર રોકે છે. મને કોણ બાંધે છે ? મારી કલ્પના. મેં માની લીધેલી માન્યતા. આ અસીમ અફાટમાં તો કોઈ માન્યતા, કોઈ આધાર, કોઈ અવલંબન, કાંઈ કર્યું - ન કર્યું કે પ્રાપ્તિ - અપ્રાપ્તિનું કશું જ મૂલ્ય નથી. ત્યાં તો આકાશવત્ ખાલી થઈ જાય તો પ્રકાશથી સભર થવાય એવું છે.

એટલે આપણને જ્યારે મનમાં લાગે કે આટલી સાધના - ઉપાસના કરવા છતાં કેમ કાંઈ ઊગ્યું નહીં ? આધ્યાત્મિક જીવન ગાળવા છતાં મનની વૃત્તિઓ તો એવી જ રહી એનું કારણ શું ? એનું કારણ બીજે ક્યાંય નહીં પણ આપણામાં જ પડ્યું હશે. બીજા કોઈને હઠાત્ પ્રાપ્તિ થઈ તો એમ નહીં માનીએ કે પૂર્વજન્મને કારણે આ પ્રાપ્તિ થઈ છે. જો આવું કરીશું તો આપણે એક માન્યતા ઊભી કરીશું. આપણે જાણતા નથી કે પૂર્વજન્મ શું ? કર્મ શું ? કર્મનો કર્તા કોણ ? આપણને કશી જ ખબર નથી. એને બદલે આપણે એમ કહીએ કે ગોકળગાયની સાથે જે ઘર જોડાયેલું છે એ ઘરથી આપણે અલગ થઈ જઈશું.

*કબીરા ખડા બાજારમેં લીયે લુકાટી હાટ*
*જો ઘર ફૂંકે આપનૌ વો ચલે હમારે સાથ*
*કબીરા ખડા બાજાર મેં સબકી માંગત ખેર*
*ના કાહુસે દોસ્તી ના કાહુસે વેર.*

વેર પણ નથી, દોસ્તી પણ નથી. આમ ઊભી બજારમાં ઊભો છે અને બધાની વચ્ચે એ કહી શકે કે, 'મેં મારું ઘર ફૂંકી નાખ્યું છે.'

'હું છું ત્યાં હરિ નથી.' મારી પ્રાપ્તિની આડે પંડ સિવાય બીજું કોઈ નથી આવતું. પંડના પડછાયામાં હું પોતે જ બદ્ધ છું તેથી પ્રકાશનાં કિરણો મારાથી ઝીલી શકાતાં નથી. આપણે એમ વિચાર નહીં કરીએ કે કેટલો વિકાસ થયો અને કેટલો અટકી ગયો પણ એને બદલે જે વિકાસ કરનારો છે, વિકાસનો પ્રેરનારો છે એને યાદ કરીશું. પોતાની નિકટતમ કોઈની દુ:ખની ચીસ ઊઠે, કોઈ અભાવનો સાદ પડે એને સાંભળીશું તો એમાંથી ભગવાનનો સાદ સંભળાશે. વાલ્મીકિને ચક્રવાકની ચીસમાંથી કરુણ સાદ સંભળાયો અને રામની કથા મળી હતી. તો ચક્રવાક પક્ષીની ચીસ અને તેનું આક્રંદ હતું પણ તેમાંથી રામનું ક્રંદન અને રામનો આનંદ પ્રાપ્ત થયો. જ્યાં સુધી મારા કાન બીજાની લાગણી પ્રત્યે બધિર છે, બીજાની ભાવના તરફ મારી આંખો અંધ છે ત્યાં સુધી મને ભગવાનના દર્શન કદાપિ નહીં થાય.

ગરુડે પોતે અમૃતની પણ ઈચ્છા નહોતી રાખી એટલે વિષ્ણુનું વાહન બની શક્યા. ગરુડ અમૃતઘટ લઈને આવે છે પણ પોતાને માટે નહીં. અમૃતનું બિંદુ પણ ચાખતા નથી છતાં અમર બની ગયા. અમૃતપાન કર્યા વગર અમૃત બન્યા હોય તે ગરુડ કહેવાય. અન્યને માટે, બીજાઓને માટે, નિકટતમ સ્વજનો કે દૂરની કોઈ વ્યક્તિ માટે જ્યારે આપણે કોઈ પણ કામના વગર, બદલાની આશા વિના પગલું માંડીએ છીએ ત્યારે પરમાત્મા દસ પગલાં આપણી તરફ આવે છે.

આપણી સામે બે ચિત્રો રાખીશું - એક ગોકળગાયનું અને બીજું ગરુડનું. એમાં બધું જ આવી જશે, બધું સમજાઈ જશે.

❖❖❖

**કવિશ્રી દાદની ખૂબ સરસ રચના... કેટલી સરળ ભાષા ! શ્રદ્ધા અને સંતોષની પરમ અનુભૂતિ**



નહીં ઓછું વધુ કંઈ લઉં,
પ્રભુ તું આપે એટલું લઉં.
આ સંસારમાં તારી સમૃદ્ધિના
ભંડાર ભર્યા છે બઉ,
મુખમાં સમાશે એટલું જ માગીશ,
નહીં ઉંડળમાં લઉં,
પ્રભુ તું આપે એટલું લઉં.
મોંઘા હોય તો ય મોતી ખવાય નહીં,
ખાય સૌ બાજરો ને ઘઉં,
મિલના માલિકથી તાકા પે'રાય નહીં,
સવા ગજ પહેરે સૌ,
પ્રભુ તું આપે એટલું લઉં..
સમંદર પીધે પ્યાસ બુઝે નહીં,
અપચો થઈ જાય બઉ,
મીઠડું નાનું ઝરણું મળે તો
અમૃત ઘૂંટડા લઉં,
પ્રભુ તું આપે એટલું લઉં...
ઘરના ગોખમાં પ્રભુ મળે તો
હાલું શીદ ગાઉના ગાઉ,
''દાદ'' કહે પ્રભુ તારી દુનિયામાં
તું રાખે તેમ રહું
પ્રભુ તું આપે એટલું લઉં....

# હોળી

➲ પન્ના ત્રિવેદી ➲

**આ** વખતે કદાચ....

- સુખદ રોમાંચથી અવંતીએ ક્ષણિક આંખ મીંચી.., ના, આ વખતે એવું નહીં થાય. દર વખતની જેમ. રજાની એક એક ક્ષણ 'ફુલ્લી' એન્જોય કરવાનાં સપનાં લઈને જવાનું ને પછી રાખ રાખ થઈને પાછા ફરવાનું. ના, આ વખતે એવું નહીં જ થાય. કોને ખબર, જિંદગીના પુસ્તકના કયા પાને કયો સુખદ વળાંક લખાયેલો હોય !



બસ વળાંક વળતી હતી. ગરમ પવનની થપાટો ચહેરા પર વાગતી હતી છતાં બસની ખુલ્લી બારીમાંથી અવંતી દોડતાં વૃક્ષોને એકધારું જોઈ રહી. વૃક્ષોના પડછાયા આંખને ટાઢક આપતા હતા. આંખે કેસૂડાનાં ફૂલોથી લદાયેલું વૃક્ષ એક પળમાં જ ભીતર ઘરબી દીધું. બફારા વચ્ચે પણ મનમાં કેસૂડાનો રંગ પથરાઈ ગયો. પણ કેસૂડો જોતાંવેત એકાએક તેના સહકર્મી સંજય મોરીએ મોકલેલ કેસૂડાની ઈમેજ અને ફૂલગુલાબી શબ્દો આંખ આગળ તરવરી ઉઠ્યાં. 'આ ફેર તો હોળી પર ઘેર જવાના ? ધુળેટીની રજા જોડે ત્રણેક સી.એલ. જોડી નાંખી ને તમે તો ?' સ્ટાફના મિત્રો પૂછતાં હતાં. ને પછી તો સ્કૂલ બહાર નીકળતાં લગી હૅપ્પી હોલી... હૅપ્પી હોલી.... ચાલ્યા કર્યું, ગુલાલ ગુલાલ થઈને નીકળતી જ હતી કે ત્યાં જ વળી સંજય મોરીએ મોબાઈલ તરફ ઈશારો કર્યો. કેસૂડાની ઈમેજ અને ગુલાબી રંગથી લખાયેલા શબ્દો : તમારા જીવનમાં પણ હોળીના રંગો આવે અને સુખનું સરનામું લાવે....

વાંચતાં જ ગુલાલ એકાએક ફૂરરરર...! મન એકાએક ખિન્નતાથી ભરાઈ ગયેલું - ૩૪ વર્ષની અપરિણીત છોકરીના જીવનમાં કોઈ જ રંગો ન હોઈ શકે ? ઘર હોય અને છતાં કોઈ સરનામું જ ન હોય, તેમની નજરે ? આ તે કેવું ? ભૂલી ગયો એ માણસ કે સાડત્રીસ વળોટેલા પોતાને માંડવે બેસવાનું નસીબ નહોતું થયું ત્યારે લોકોનાં મહેણાં-ટોણાંથી કંટાળીને કેટલું રડતો'તો પોતાની આગળ ? ભડ 'પુરુષ'થી રડાય નહીં તોય - ફૂં... ફૂં... ફૂં... પીડાનું પોટલું છૂટી પડેલું ! ને પછી ? શિવધનુષ તોડી જાણે કે કોઈ પરાક્રમ કરી આવ્યા હોય એમ શુંયે શાહમૃગની ગર્દન લઈ ચાલતી પકડતા'તા ! જાણે કે સિંગલ છોકરી સાથે સામાન્ય વાતચીત કરવી એ તો તરોતાજાં ગૃહસ્થો માટે મહાપાતક ! ને પછી સંસારી બાબાનીઓની જમાતમાં ભળી જઈને ઠાલવશે ઉપદેશ-સલાહ-સૂચનો - શુભેચ્છાઓ - આશ્વાસન.... પણ 'રંગો' શું એમના જ જીવનમાં હોય છે ? કોને ખબર જેને તેઓ 'રંગ' કે 'સુખ' ગણે છે તે બીજાને મન 'સુખ' કે 'રંગ' ન પણ હોય ? કોને હાથ લાગ્યું છે સુખનું સરનામું આજ લગી ?

ધખીને બેઠેલી બસમાં. ક્યાંય લગી બારી બહાર પેલા સહકર્મીની બે આંખો દેખાયા કરી. બારી બહારના અવકાશ વચ્ચે એ આંખો જેવી જ બીજી અસંખ્ય પુરુષઆંખો વધતી જ ગઈ.... એ આંખો સાથે હવે અસંખ્ય સ્ત્રીઓની આંખો પણ ઉમેરાતી ગઈ. બસની તેજ ગતિની સમાંતરે બહારનો અવકાશ અસંખ્ય આંખોથી ખીચોખીચ થવા લાગ્યો. આંખો એકધારા સવાલો પૂછતી હતી. કર્કશ ઘરઘરાટીને ચીરતા અવાજો છેક કાન લગી ધસી આવતા હતા - સિંગલ કે મિંગલ ? .... તો આ પેરેન્ટ્સનું ઘર છે કે હસબંડનું ? ... તો ક્યારે બોલાવો છો હવે ? ... સવાલો જ સવાલો. આંખો જ આંખો.... શું હતું એ આંખોમાં ? અભિમાન ? ઠઠ્ઠા-મશ્કરી ? દયા ? કરુણા ?...

એ અસંખ્ય આંખો વચ્ચે અવંતીને મમ્મીની થાકેલી બે આંખો પણ દેખાઈ. ચોત્રીસ વરસની જુવાનજોધ રૂપાળી છોકરીને ઘરમાં જોઈ રહેવાનો થાક. અવંતી ઉદાસ થઈ ગઈ : આ વખતે મમ્મીને દુઃખ થાય એવી કોઈ વાતો નથી કરવી. અજાણ્યા શહેરની નોકરી કડાકૂટ, ષડ્યંત્રો, રુક્ષ વ્યવહારો, એકલતા, મહેણાં-ટોણાં, ઠપકા, અપાર ગેરસમજો.... કોઈ કરતા કોઈ વાત જ નહીં. ભવિષ્યનો કોઈ વિચાર નહીં ને ભૂતકાળનો કોઈ ઉકળાટ નહીં. કાલ કોણે જોઈ ? બસ, આ વખતે એવી હોળી ઊજવવી છે કે જાણે છેલ્લી હોળી હોય ! છેલ્લી હોળી....

અવંતીએ છેલ્લો શબ્દ ફરી ફરીને મમળાવ્યો - છેલ્લી હોળી. કોને ખબર આ રીતની આ છેલ્લી હોળી હોય ? ને આવતી હોળીએ પોતે પણ પેલા સંસારી બાબાઓની જમાતમાં ભળીને આ જ રીતે કોઈને રંગોના

આગમનના ને સુખના સરનામાનાં નોતરાં આપતી ફરતી હોય ! કદાચ...

અવકાશ વચ્ચે આંખો નહોતી દેખાતી હવે. નાના નાના હાથોએ પકડેલી રંગો ભરી પિચકારીઓ દેખાતી હતી. કોના કોના હાથ હતા એમાં ? મુનિયાનો, ટીનીનો, ચિન્ટુનો, ભૂરીનો અને પોતાનો. અવંતી વિચારે ચડી ગઈ : નાનપણની હોળી કેટલી મજાની લાગતી હતી, ઉંમર વધતા જાણે શું ખોવાઈ જાય છે એવું ? જોકે બીકેય કેવી લાગતી હતી રંગોથી, ઢોલના અવાજોથી... ચિચિયારીઓથી.... કાદવકીચડથી... લાલઘૂમ આંખોથી.... હો-હો-હા-હા.... ચીસાચીસ....

ઘરઘરાટી વચ્ચે એકાએક ઢોલની થાપ સંભળાઈ : ગીતો ગાતા, ચિચિયારીઓ પાડતા, પૈસા માગતા, 'ખોલો... ખોલો... નીકળો...' ની બૂમો મારતા લાલ - પીળા - ભૂરા - કાળા ચહેરાઓ, બારણું ખખડાવતા હાથ. થરથર ધ્રૂજતી, રોકકળ કરતી, ચીસો પાડતી પોતે તો મમ્મીને વળગી પડતી જોરથી. 'રંગોથી તો કંઈ બીવાતું હશે ?' મમ્મીએ બાથમાં લેતાં વહાલથી સમજાવેલું. પણ રંગોની એવી તો બીક ઘરબાઈ ગઈ મનમાં... ખબર નહીં કેમ પણ હોળી નહોતી ગમતી ને તોય બહુ ગમતી હતી - જિંદગીની જેમ ? ના, હવે રંગોથી લગીરેય નથી બીવું. રંગોનેય એક રંગ આપવો છે - જરા હટકે. સોસાયટીમાં તો હવે બહેનપણીઓ જ ક્યાં રહી ? એક નયના સિવાય બધીયોઅ પરણી ગઈ છે. તેને કોઢ ન હોત તો એય પરણી ગઈ હોત ક્યારની. છો ને કોઈ ન હોય તોય હાથમાં ગુલાલ લઈને નીકળી પડવું છે. આ વખતે તો મન ભરીને ધુળેટી રમવી છે. બસ ગુલાલ ગુલાલ... ગુલાલના દરિયામાં ડૂબવું છે. ગુલાલ ભરી હવામાં શ્વસવું છે. આ વખતે તો એક એક ક્ષણ હોળી જ હોળી...

અવંતીએ આંખ મીંચી - પોતે ગુલાલના દરિયામાં ઉમંગથી તરતી હતી કે અચાનક પાણી વચ્ચે પણ એક બારી ખૂલવાનો અવાજ સ્પષ્ટ સંભળાયો - ફટાક્ ! પાછલા ઘરની બારી યાદ આવી કે ચહેરા પર એક નિરાંત ફરી વળી - હાશ ! દરિયામાંથી બહાર નીકળીને પોતે જાણે કે ઘરની પાછલી બારીએ જઈને નિરાંતે બેસી ગઈ. આખો રસ્તો હવે મખમલી લાગી રહ્યો હતો.

ઘર નજીક ને નજીક આવતું ગયું.

રિક્ષા સોસાયટીમાં પેઠી કે વળી વળીને નજર સાંજની હોળીની તૈયારી કરતા છોકરાઓ પર ગઈ. વર્તુળ વચ્ચે ગોઠવાયેલાં લાકડાં, રંગબેરંગી પતંગો... અડાયા... પતાસાં.... તોરણ... પ્રદક્ષિણા માટે ગોળાકાર લીટી દોરતા છોકરાનો હાથ... અવંતીના પગમાં ગજબનો થનગનાટ વ્યાપી ગયો.

તે ઉતાવળે નીચે ઊતરી. 'ઘર' આવી ગયું હતું. અધીરા હાથે કમ્પાઉન્ડનો દરવાજો ખોલ્યો કે નીચે રહેતા ભાડવાત માલતીકાકીએ ટેવવશ પૂછી નાખ્યું : 'આવી ગયા હોળી કરવા ?' 'હા... હો...' ઉમળકાભર્યો હોંકારો આપીને તે બાજુનો દાદર સડસડાટ ચઢી ગઈ. 'આવ... આવ... કેટલા વાગ્યે નીકળેલી ? જરી વહેલું ના નીકળાય ? ઓહો... એમ... લે... ગરમી... લૂ... બાફ... ઉકળાટ...' આમતેમની થોડી વાતો અને વળી વળીને એ જ સવાલ, દર વખતની જેમ અને એક વાક્યનો પોતાનો એ જ જવાબ, દર વખતની જેમ. એ જ લાંબી ચુપ્પી અને ચહેરાઓ પર એ જ અસમંજસના ભાવો. દર વખતની જેમ...

અવંતીની મમ્મી કંઈક બબડતી બબડતી ઊભી થઈને રસોડા તરફ વળી ગઈ. વઘારની સાથે શબ્દોનો તીખો તમતમતો ધમ્કારો છમ્મ કરતો સીધો જ અવંતીની છાતીમાં ભરાઈ પેઠો : 'શું વિચાર્યું પછી ? આમ જ કાઢવી છે આખી જિંદગી ? કંઈ નહીં તો નાની બેનનો વિચાર તો કર !'

'કોને ખબર ?' શબ્દોની જેમ અવંતીનો ચહેરો પણ ઊતરી ગયો. વાત બદલવા શક્ય થયું તેટલું ત્યાંની સારી સારી વાતો વીણીને યાદ કરી જોઈ - નવા આવેલા આચાર્ય વિશે, સ્ટાફ વિશે, વિદ્યાર્થીઓ વિશે... કે અધવચ્ચે જ અણધાર્યું વાક્ય ધસી આવ્યું : 'પછી શું થયું તારા સ્ટાફની પેલી કેતકીના કેસમાં ?' 'થવાનું શું હતું વળી ? વરને છૂટાછેડા પકડાવી ચાલતો કરી દીધો. પેલાને તો એમ કે જાણે કોઈ કેતકીનું હાથ ઝાલનારું મળશે જ નહીં... પણ જે ભોંઠો પડ્યો છે તે તો... મોં ફાડીને જોતો રહ્યો. લાખ ગણો સારો છોકરો મળી ગયો. બસ, હાઈટમાં સહેજ કોમ્પ્રો કરવું પડ્યું એટલું જ. બાકી છોકરો એમ. ડી. ડૉક્ટર છે ને તેય કુંવારો. ડિવૉર્સ આપીને પેટ ભરીને પસ્તાય છે પેલો...' અવંતી કોળિયો ઉતરતાં બોલી કે સામેના હાથમાં કોળિયો અધ્ધર રહી ગયો. અવંતીને જરીક મોડી ઝબકી - તો મમ્મીના કાન શું સાંભળવા આતુર હતા ? એ જ ને કે છોકરીની જાત, ભાગ્યમાં લોઢાના લિસોટા...! કેતકીનાં લગ્નવિચ્છેદમાં એક પોકળ આશ્વાસન શોધતી હશે કે અવંતીનો કેસ તેનાથી તો ઘણો સારો છે, કમ સે કમ હજી લગ્ન તો નથી થયાં, છૂટાછેડાના કાળા સિક્કા કરતાં કાગળ કોરુંકટ્ટ તો ખરું !

અવંતીએ મમ્મી સામે જોયું. શું સંતાડવા મથતી હતી તે ? - લગ્નવિચ્છેદથી થયેલા આનંદની રેખાઓ ? ક્ષણિક આક્રોશ પછી મમ્મીની દયા ઊપજી. પપ્પા મૂંગા મૂંગા છાપાનાં પાનાં ઉથલાવતા રહ્યા. નાનો

રાહુલ વીડિયો ગેમમાં માથું ખોસી બેસી રહ્યો. પિંકી ટીવીની ચૅનલો બદલતી રહી. ભોંય તાકતી મમ્મી ધીમે ધીમે બબડતી હતી : 'અહીં એક શોધવામાં નવનેજાં આવે છે ને કોઈ-કોઈને તો બબ્બે વાર પૈણવા મળે લ્યો ! તેય વાજતેગાજતે. એક લગ્ન તૂટ્યું તોય પૈણેલીને કુંવારો ને તેય પાછો એજ્યુકેટેડ મળી જાય. એક મારાં જ કરમ ફૂટ્યાં કે ચોંત્રી વરહ પછીય... ? જોયું ને તેં જ ? હાઈટમાં કોમ્પ્રો કરવું પડ્યું ને ? બત્રીલખણો ના મળે કોઈનેય. માંડ ઢંગની વાત આવેલી તારા માટે. આ ઉંમરે હવે.... વાત આવી તે જ બહુ છે.... છોકરાની સગાઈ તૂટી ગયેલી એટલું જ ને, લગન તો નહોતા તૂટ્યા ? તોય જોયા વિના સીધી ના જ પાડી દીધી. ઘર, ગાડી અને હાઈ-ફાઈ નોકરી પછી શું જોઈએ છોકરીઓને ? સામે ચાલીને આવ્યા એ લોકો, પછી શેના હવાતિયાં મારવાનાં ? લક્ષ્મી ચાંદલો કરવા આવી ને મોં ધોવા ગઈ ! બધાનું નસીબ કંઈ કેતકી જેવું ઓછું જ હોય ? બીજી વારના તેના ધણીના પક્ષે પણ વિચાર કરી જો જરી... છોકરી મળી તેય પૈણેલી. કોમ્પ્રો કર્યું કે નહીં તેણેય ? બાકી ડૉક્ટર છોકરાને શું ખોટ હોય ?'

જવાબની અપેક્ષાએ મમ્મી અવંતીની આંખોમાં તાકી રહી પણ અવંતીની આંખો પાછલી બારીને તાકતી રહી. જાણે ડૂબતી વખતે એકાએક કોઈ મજબૂત ટેકો હાથ લાગી ગયો હોય. છેલ્લું વાક્ય ફરીથી બોલાયું કે તરત અવંતીએ એક ઝાટકે કહી નાખ્યું : 'શું કામ સગાઈ તૂટેલા છોકરા સાથે કરું હું ? કેટલું, ક્યાં હર્યાફર્યા કોને ખબર ? ને ખબર છે ને આજકાલનો જમાનો ? સ્કૂલનાં અમારાં ટાબરિયાંઓએ પણ આ મામલે જે રફતાર પકડી છે કે લાગે જાણે કોઈ જ દૂધે ધોયેલું છે જ નહીં આ દુનિયામાં ? શું ખોટ છે મારામાં ? કોઈ દિવસ આંખ ઊંચી કરીને કોઈ પુરુષને એ રીતે જોયો સુધ્ધાં નથી. બચાવી રાખી છે ચોત્રીસ વરસ લગી મેં મને. બેસાડે તેની સાથે કેમ-કેમની બેસુ પડું પાટલે ? એય છતી આંખે ? ભણેલી છું, નોકરિયાત છું. કોઈ પર ભાર નથી. ઘર, ઘરેણાં ને ગાડીનું નામ જ સુખ નથી. તારો જમાનો કંઈ ઓર હતો. વેવલેન્થ મળવી જોઈએ. ચરિત્રનું કૅનવાસ સફેદ જોઈએ મને. મન ના થાય તો નાય કરું જિંદગી આખી. એમ ચાલીસ-સાઠના સમાધાનનું ગણિત મને નથી સમજાતું. મને અધિકાર નથી મારા જેવા કોઈ કોરાકટ્ટ કાગળની ઝંખનાનો ? કોઈએ લીટી દોરેલો કે કશુંક લખીને છેકી નાખેલો કાગળ હું શું કામ લઉં ?'

સ્તબ્ધ ચહેરાની બે વિસ્ફારિત આંખો અવંતીની આંખો તાકી રહી : 'ઓ મા, જો તો તેની જીભડી ! કશુંક સમજાય તેવું તો બોલ.... માને ઊઠા ભણાવે તે તો જો ! ભણાવીને અમે મૂર્ખાઈ કરી ? રાઈ ભરાઈ ગઈ છે મગજમાં...' બાકીનો અવાજ વાસણોના ખખડાટ વચ્ચે ધીમો પડતો જઈને છેવટે મૂંગો થઈ ગયો.

અવંતીની છલકાઈ ગયેલી આંખો પાછલી બારી તાકવા લાગી. તેના પગ એ તરફ વળી ગયા. સામી બારીના કઠેડા નીચે બેઠેલાં કબૂતરોનું ઘૂ-ઘૂ તેને સખ્ખત કર્કશ લાગ્યું. જોકે નીચેથી એથીય વધારે કર્કશ અવાજો સાંભળવા તો તે હંમેશની ટેવાયેલી જ હતી ને ? તે ઘરની નીચે બારીમાંથી હંમેશનો ત્રિભુવન માસ્તરનો રોજરોજનો કકળાટ... વહુ હેમુને ભાંડતી બહેરી સાસુનો બબડાટ.... મોટા ભાવેશ અને નાના યોગેશના બૂમબરાડા...

પણ પાછલું ઘર શાંત હતું આજે. એક પળ અવંતીને થયુંય ખરું કે પોતે બારી ભૂલી તો નથી પડી ને ? મમ્મી તો અમથી અમથી રાઈનો પહાડ બનાવે છે. દુનિયામાં કેટલાંય હોય છે પોતાના જેવા. આ પાછલા ઘરના અનિલનો દાખલો જ કેમ નથી લેતી ? કરે છે કોમ્પ્રો ? કોમ્પ્રો કરવાની પણ સ્પેસ હોય ! ભલે ને, દસ નાપાસ થયેલા ભાવેશના ભાગ્યમાં લખાયેલી સાતમી પાસ હેમુ જડી ગઈ પણ અનિલ ? તેણે તો કહી જ નાખેલું ને કે છોકરી તો ભણેલી જોઈશે ? ને ત્રિભુવન માસ્તરની આટલી ધાક તોય ભણેલી છોકરીની શોધ માટે રહ્યો છે ને મક્કમ ? છો ને, નીચે ઝાંઝર રણકી, એ પછી 'મમ્મી મમ્મી પપ્પા પપ્પા' નો તોતડો અવાજ ગુંજવા લાગ્યો તોય પહેલા માળની બારી કરે છે ને પોતાના ગમતા ઝણકારની પ્રતીક્ષા ? બાકી કકળાટિયા માસ્તરને લીધે જ્યાં જ્યાં વાત ચાલી ત્યાંથી નાત પાસેથી એક જ જવાબ સાંભળ્યો છે : 'છોકરો લાખ રૂપિયાનો, ના નહીં પણ અમે નહીં નાખીએ એવા નરકમાં અમારી છોકરી. સાંભળ્યું છે કે માસ્તરે ઘરવાળીને એક તમાચે કાનનો પડદો ફાડી નાખ્યો.... એવાના ઘેર કેમની નંખાય ફૂલ જેવી છોકરીને ?' એમની નાત તો એકવીસ-બાવીસે છોકરાને માંડવે બેસાડીને જ જંપે. તે નાતેય ફોલી ખાધો બિચારાને વગર વાંકે. રાક્ષસ બાપની સજા ભોગવતો એય પૂરા બત્રીસનો થઈ ગયો એમ ને એમ, તોય...

અવંતીને ખુલ્લા આકાશને તાકતા અનિલનો ચહેરો યાદ આવ્યો. આઠેક મહિના પહેલા મળેલો ત્યારે જરીક શરમાવા લાગેલો. કહેતો હતો કે જોવાનું ચાલે છે. નાતમાં આમ તો ઘણીયે છોકરીઓ મળી રે' છે પણ દીદી, છોકરી તો એવી જોઈએ જેની સાથે તમે કોઈ પણ બૌદ્ધિક મુદ્દે ચર્ચા કરી શકો. બાજુમાં ઊભી હોય તો પાછી જરીક શોભવીય જોઈએ. જોકે,

'શોભે' એવીય આમ તો મળી જાય છે પણ છપ્પન લફરાં પછી નાત આખીને રિજેક્ટ કરી નાખી હોય ત્યારે વાત નાખે તેનો શો અર્થ ? આપણામાં કઈ ખોટ છે કે છાપેલાં કાટલાં લઈએ ? કો'તો....! ને ચાર મહિના પહેલાં બસસ્ટૅન્ડમાં મળેલો ત્યારે કપાળે ટીલું કરતો થઈ ગયેલો. ગળામાં કંઠી પહેરેલી. પૂછતો હતો : 'દીદી, નવા શહેરમાં ફાવે છે ? બહુ દૂર નોકરી મળી નહીં ? 'ફિક્સ'ના કેટલાં વરસ બાકી છે ? કંઈ નહીં, પછી આપણા જિલ્લામાં આવી જવાશે ધીમેથી. હાયર સેકન્ડરીના છોકરાઓને ભણાવવાની તો મજા પડતી હશે ? જુઓ ને, મારે પણ બી.એડ. જ કરવું હતું પણ કર્યા પછીય તાત્કાલિક નોકરીઓ મળે છે જ ક્યાં ? ને મળે તેય શરૂઆતમાં તો 'ફિક્સ'માં ચસોચસ ફિક્સ ! તમારે તો આર્ટ્સ એટલે ભણે છૂટકો નહીં પણ મારે તો કેમિસ્ટ્રી હતું એટલે બે દરવાજા ખૂલ્યા. કંપનીમાં જોબ ઑફર થઈ તરત ઝડપી પાડી મેં તો. નીકળી પડીએ છીએ હવે ટિફિનના ડબ્બા ટીંગાડી... પણ દીદી, તમારા ધ્યાનમાં કોઈ સારી છોકરી હોય તો... બાપા તો કહે કે બેસી પડ. પણ એમ કંઈ ઓછું બેસાય, તેય છતી આંખે !'

છેલ્લા શબ્દો સાંભળતાવેંત જ અવંતીએ ઉત્સાહથી કહેલું : 'હા હા, કેમ નહીં વળી. પસંદગીનો હક તો ખરો જ ને વળી ?'

એ દિવસથી અનિલ અવંતીને આત્મીય લાગવા માંડેલો, પોતાનો જ પડછાયો જાણે કે ખબર નહીં કેમ પણ તેના વિશે જાણવાની એક આતુરતા રહેતી. નયનાને પૂછતી રહેતી : નક્કી થયું એનું ? ને 'ના' સાંભળી કોણ જાણે કેમ મનમાં એક પ્રકારે છૂપો આનંદ છવાઈ જતો. પછી એક દિવસ ભાવેશના મરવાના ને હેમુના વિધવા થયાના અશુભ સમાચાર પણ સાંભળેલા. જોયું ? નસીબ ? લગ્ન કરીનેય ક્યાં મળ્યું સુખ ? એકલતા લખાયેલી હોય ભાગ્યમાં તો....

અત્યારે હેમુનો ચહેરો દેખાયો કે એક જ વાક્ય ઘૂંટાયા કર્યું મનમાં - લગ્ન કરીનેય ક્યાં મળ્યું સુખ ? એમ ત્યારે... પણ બીજી જ પળે અવંતીને કશુંક ડંખ્યું. થયું, સામે અરીસો હોત તો પોતાના ચહેરામાં મમ્મીનો ચહેરો દેખાયો હોત અત્યારે. પરપીડન આનંદ લેતો એક ચહેરો - અવંતી થથરી ઊઠી. 'ધત્...' તેણે મનોમન જાત પર ફિટકાર વરસાવ્યો.

અવંતી પૂતળીની જેમ ઊભી રહી. ચોતરફ શબ્દો ભરડો લેવા લાગ્યા - સુખનાં સરનામાં, ઘર, રંગો, સિંગલ, મિંગલ.... - તેણે આંખથી સામી બારીનો કઠેડો પકડી રાખ્યો.

સૂરજ ડૂબતાં જ હવામાં થાળી વાગવાના અવાજો ગુંજી ઊઠ્યા. સોસાયટીના નાકે હોળીપૂજન શરૂ થઈ ગયું હતું. મમ્મીની પાછળ પાછળ અવંતી પણ થાળી લઈને પહોંચી ગઈ. હોળી પ્રગટી રહી હતી. થાળીના ખખડાટ અને ઉલ્લાસ વચ્ચે નાળિયેર હોમાઈ રહ્યાં હતાં. અવંતીની આંખો અનિલના ચહેરાને ફંફોસતી હતી. દૂર ઊભેલો અનિલ દેખાયો. ગંભીર અને પીઢ થઈ ગયેલો એક ચહેરો. સહેજ માથું હલાવીને તે પ્રગટેલી હોળીને જોતો ઊભો રહ્યો. હોળીની પ્રદક્ષિણા ફરતી, કળશનું જળ અર્પતી અવંતી મનોમન પ્રાર્થી રહી : હોળીમાં, મારું સ્વમાન અકબંધ રાખજે, વસંતના રંગો ભરજે ને પૂર્ણિમાનો પ્રકાશ કદી ન આથમે. કંઈક એવું કરજે કે.... આવતી હોળીએ સજોડે તારી પ્રદક્ષિણા કરીએ...' ધાણી હોમી તે હોળીમાને વંદી રહી.

ઝાળ ઝાળ થતી આગને અવંતી એકધારું જોઈ રહી. સામે નજર ગઈ કે ફરીથી મનોમન બોલી : હોળીમા, ક્ષમા કરજે. કોઈનું અહિત સ્વપ્નેય ન ઈચ્છું કદી. પણ તારાથી ક્યાં કશું છાનું છે મા ? તૂટી રહી છું પળે પળે... પણ આવી પાછલી બારીની ટેક જ તો છે મારો આધાર ! તેના જેવી, મારા જેવી કેટલીય બારીઓ પ્રતીક્ષા કરતી હશે કોઈક ચહેરાની. ને વેઠતી હશે મારી જેમ પીડા મૂંગી મૂંગી. હું કંઈ એકલી નથી. ટકી રહું છું એવા વિચારે ને એવી આશાએ કે કદાચ કોઈક રંગ ભરે કોરા કૅનવાસ પર ? અનિલનુંય સ્વમાન અકબંધ રાખજે મા ! આવતી હોળીએ તેય સજોડે...'

પ્રદક્ષિણા પૂરી કરીને તે એક બાજુએ ઊભી રહી. હોળી વચ્ચે ક્યાંક ક્યાંક તણખા ફૂટતા હતા. તીણી તીણી ચિચિયારીઓ વચ્ચે અનિલ પ્રદક્ષિણા ફરવા લાગ્યો. પાછળ પાછળ હેમુ તેના પાંચ વર્ષના છોકરાને લઈને જોડાઈ ગઈ. અનિલે પકડેલા તાંબાના કળશને હેમુએ જમણો હાથ અડાડ્યો. ત્રિભુવન માસ્તરે તેમના ઘરનું નાળિયેર હોળીમાં હોમ્યું. અનિલની આંખ નાળિયેર તાકી રહી.

અવંતીની આંખ જડાઈ ગઈ. નયનાને પૂછ્યું તો કે' : 'લે તને નથી ખબર ? ભરજવાનીમાં મોટો છોકરો મરી ગયો ત્યારે તેં જોયું હોત તો... ત્રિભુવન માસ્તર રીતસરના ફાટી પડેલા. તે પછી તો સંપ્રદાયના સંતો આવ્યા, જીવનમરણના દાવ સમજાવ્યા, આત્મા-પરમાત્માનું પુરાણ કહ્યું તે માંડ માંડ માસ્તરને સંભાળ્યા. બાકી તો તને ખબર જ છે તેમનો કોયલો સ્વભાવ. કોઈનુંય નહોતા સાંભળતા. પણ હવે તો તું જો ને તો એકદમ ગાય બની ગયા છે ગાય. વર વિનાની વહુને પિયર મોકલી દેવાની પરિસ્થિતિ ઊભી થઈ ગઈ. કેમની નીકળે આખી જિંદગી ? પણ જીવ તો



ભાવેશના છોકરામાં ? વહુ જાય તો છોકરોય જાય જ ને જોડે... જોકે માસ્તરે તો ઉદાર મને કહ્યુંય ખરું. વહુ છો જતી બીજા ઘેર. છોકરી ગણી કન્યાદાન હો કરશું. ને એવું હશે તો છોકરો અમે મોટો કરીશું.... ને લઈ જવો હોય તોય અમે રાજીખુશીથી મોકલવા તૈયાર. પણ સાવકો બાપ એ સાવકો.... ભાવલાની આ એક જ તો નિશાની... પણ હું તને હું અવંતી, સંતોને ઘેર તેડ્યા, વચન નીકળ્યાં કે અનિલ જોડે હેમુનું થઈ જાય તો ઘી ને ખીચડી બંને થાળીમાં. બિચારો અનિલ 'ના' 'ના' કહેતો રહ્યો. 'ભાભી જોડે નહીં થાય મારાથી' પણ સંતોને વડીલોએ મરેલા ભાઈના નામે, આત્માની શાંતિ માટે, નબાપા છોકરાના નામે સમજાવટનો ખેલ પાર પાડી દીધો કે 'હા' પડી ગઈ. કોમ્પ્રો કરી લીધું. સાત ભણેલી, પરણેલી ને એક છોકરાની મા....'

નયનાએ અવંતીનો હાથ ખેંચ્યો ને સહેજ દૂર લઈ જઈ બોલી : 'લોક તો કે' છે કે ત્રિભુવન માસ્તરે ભવ ઊજળો કરી લીધો. પાપ ધોઈ નાખ્યાં બધાંય. બાકી ક્યાં પહેલાંના માસ્તર ને ક્યાં આજના માસ્તર. હવે તો આખો દિવસ મંદિર ને પૂજાપાઠ... પંડના પેટ કરતાં વહુનું વિચાર્યું. કે'તા'તા, છોકરો ગયો તો શું થયું ? ઘર તો વહુનું જ છે. કોણ કરે આવું આ જમાનામાં ? એમ.એસ.સી. ફર્સ્ટક્લાસ કુંવારા છોકરા સાથે વહુ પરણાવી દઈ વિધવાના જીવનમાં નવા રંગો કોણ પુરાવે આમ ? તે માસ્તર તો સમાજ માટે આદર્શ બની ગયા છે. ફૂલ વધાવે છે લોકો.'

કહેતાં કહેતાં નયના એકાએક અટકી ગઈ. આસપાસ એક નજર કરી લઈને તે અવંતીના કાનમાં ફૂસફૂસાઈ : 'આવું લોકો કહે છે...' તેણે 'લોકો' શબ્દ પર ભાર મૂક્યો : 'એવું લોકો કહે છે. પણ સાચું કહું ? આ તો અડોઅડ રહીએ તે વળી મારી સગ્ગી આંખે જોયેલું. અનિલના ફૂલહાર હતા તે રાતે માસ્તર ને તેની બહેરી વહુ વાતો કરતા ટાઢા કોઠે બેઠા'તા. માસ્તરનો ઊંચો ઘોઘરો સંભળાતો હતો : 'છોકરાના હૃદયમાં કાણું હતું નાનેથી જ એ વાત હેમુના ઘરવાળાઓથી છાની જ રાખેલી આપણે... તોય સુખ ભાવલાના નસીબમાં જ નહીં ! છોકરજાતને વળી વ્યવહારથી શું ગતાગમ ? કહેતો રહ્યો 'હાચું કહી દો... કહી દો...' પણ એમ કહી દેવાય કંઈ ? કીધું હોત તો સાત ચોપડી ભણેલી બી ગઈ હોત હાથમાંથી. વાંઢો મરી જાત. પૈણ્યા પછીય નિહાકા નાખતો બોલતો રે'તો'તો : 'પાપ ચડશે. પાપ ચડશે.' તેના નિહાકાની ધાક જંપવા જ નો'તી દેતી મને. આ અનિલ માની ગયો તે ગંગા નાહ્યા. જોકે બીજા ખેલના ખેલંદા હો આપણે જ વળી. કાચા ખેલાડી થોડા જ છીએ કે કોરોકટ્ટ છોકરો હેમુના પલ્લે બાંધી દઈએ... ? વાત સંતાડ્યાના પાપનું પ્રાયશ્ચિત વળી. ભલું થજો સંતોનું. મને તો એમ કે વહુ હાથમાંથી ગઈ જ સમજો. પાછી છોકરા વિના જવાનું તો ના જ કે'તી'તી એટલે મને તો ધાક જ પેઠેલી કે છોકરો હાથમાંથી ગયો સમજો. મૂઈ, ગયો હોત તોય કંઈ નહીં. પણ પારકે ઘેર ગઈ હોત ને કાલ ઊઠીને છોકરાના નામે ઘરનો ભાગ માંગી ઊભી રે'તો ? એક ફૂટી કોડી નહોતી આપવી. ઘરનો ભાગ ઘરમાં તો રે' કમસે કમ !'

અવંતી સ્તબ્ધ રહી ગઈ. નયનાએ કોણી મારીને કહ્યું : આ વખતની હોળી તો માસ્તરના ઘરની. જોવાની મજા આવશે. એક ગઈ ફેરની હોળી હતી ને એક આ ફેરની હોળી છે.... ગઈ ફેર ભાઈ ને આ ફેર... ?'

નયના મોં ફેરવીને ખંધું હસતી હતી પણ અવંતીની આંખ હોળીની આગમાં મૂકેલા ત્રિભુવન માસ્તરના નાળિયેર પર હતી. માસ્તર ડંડાથી પોતાના ઘરનું નાળિયેર બહાર કાઢતા હતા. થોડા વધારે બળી ગયેલા નાળિયેરની શેષ વહેંચતા માસ્તર ચહેરાની ચમક અવંતી જોઈ રહી. ગાયના માથા પર આખલાનાં શિંગડાં હતાં કે શું ?

ત્યાં, નાકા પાસેની હોળી ઠરવા આવી હતી પણ અંગારા લઈને પાછી ફરતી અવંતીના હતાશ પગ ઘર ભણી ઢસડાતા હતા અને આંખોમાં અંધકારનો રંગ ઠલવાતો જતો હતો.

❖❖❖

## વિચાર

વન આખું ખુંદી વળ્યું
એક હરણું કસ્તુરીની શોધમાં,
ભૂલી ગયું બિચારું
કસ્તુરીની સુગંધ છે એની નાભિમાં,
જગત આખું દોડી રહ્યું આજે,
સુખ શાંતિની શોધમાં,
ભુલાતી એક પાયાની બાબત,
સુખ પડ્યું છે ભીતરમાં.



# માટલું

**રાજેન્દ્ર પટેલ**

માટલું પડ્યું પડયું જોયા કરે છે
એક્વાગાર્ડ, ફ્રીઝ, કિચન,
પ્લૅટફૉર્મ પરની પ્લાસ્ટિકની બૉટલ
અને થરમોસ.
માટલું મીટ માંડીને જાણે બેઠું છે
માની જેમ.

❖❖❖

એકવાર
ટકો મારી ખાતરી કરી
બા માટલું લાવેલી
પૂજા કરી પાણિયારે મૂકેલું
અને પહેલી વાર પાણી ભરેલું
ત્યારે આખેઆખો પહેલો વરસાદ પીધેલો.
હવે ન ટકોરો રહ્યો ન એ સ્વાદ રહ્યો
પણ એ ઝુરાપામાં ઝમતી
રહી છે એક માટલી.

❖❖❖

એક માટલું તૂટ્યું
કોઈ ફૂટપાથ પરના ચૂલાની
કલાડી બનીને રાજ કરવા લાગ્યું.
કલાડી તૂટીને
છોકરાઓના રમતની વસ્તુ બની ગઈ
એ પછી મેલ કાઢવાની ઠીકરી બની
ને છેવટે કોઈ બાળકના હાથે
દીવાલ પર લીટી બનીને અદૃશ્ય થતી ગઈ
અદ્દલ માની જેમ.

❖❖❖

માટલું ભરાય
ખાલી થાય
ઝારાની જગાએ મૂકેલી બાની નાનકી વાટકી
યાચક બનીને પાણી પીતાં બધાંને
કરુણાથી જોયા કરે અને
અંકે કરે બધાંનો સંતોષ.
માટલાથી સાવ જ નજીક છતાં ખાલી.
આખો વખત આકાશ પીધા કરે
વાટકી કદીય ખાલી થઈ નથી.
માટલું એ જોઈ નિતનવું માટલું બનતું રહે.

❖❖❖

માના મર્યા પછી મહિને
પાણી ભરીને માટલી મંદિરે મૂકેલી.
પછી એ માટલીમાંથી કોણે પાણી પીધું હશે ?
ક્યા પંખીએ પીને ટહુકો કર્યો હશે ?
કયું ગીત ગાયું હશે ?
જેટલી વાર માટલામાંથી પાણી પીઉં છું
એટલી વાર
એ વાત યાદ આવે છે.
વર્ષો વીત્યાં
માની પાછળ મૂકેલી માટલીનું પાણી
જાણે ખાલી થયું નથી !

❖❖❖

માટલું મસ્તીથી માટી જોડે
રહે રમમાણ.
પાણી, આકાશ એના સદાનાં સાથી
પવન એનું પાણી પીવે ત્યારે એને
ટાઢકનો ઉમળકો થાય.
પાણી ભરાવાનો અને ખાલી થવાનો અવાજ
એને હંમેશાં જાગતું રાખે.
મૌનનો મહિમા કરતું એ ચૂપચાપ બેસી રહે
જાણે બેઠું હોય કાળ કાંઠે.

❖❖❖

માટલું કદીય ખાલી થતું નથી
એ જેમ જેમ ખાલી થાય છે
એમ એમ ભરાય છે
અજ્ઞાત અવકાશથી.
અને
જેમ જેમ ભરાય છે
એમ એમ ખાલી થાય
એની અંદરનો અંધકાર.

❖❖❖

જળને માટી બંને છે
માટલાની ડાબી ને જમણી આંખો.
સતત નિરખે
ખાલી થવું ને ભરાવું
અને છતાં
હંમેશાં ભર્યાભર્યા રહેવું.

❖❖❖

બાપુજીની ચિતા પતે
પાણી ભરેલી માટલી ફોડી
પાછળ જોયા વગર જ ઘેર પાછો ફરેલો.
ફૂટેલી માટલીનું પાણી
એમને પહોંચ્યું હશે કે કેમ ?
એ ચિંતાએ
સ્મશાન કદી ખસતું નથી
મારામાંથી

❖❖❖

માટલું ડૂબેલું હોય છે જળમાં
અને જળ ડૂબેલું હોય છે માટલામાં
માથે, કેડે,
પાણિયારે કે પરબે
જાણે એ રહેતું હોય સદા
કોઈક અજાણ્યા નિભાડામાં.

❖❖❖

માટલું ઘણી વાર મમળાવે છે
માટીનું ગોંદાવું
ચાકડા પરનું ઘૂમરાવું
નિભાડે તપવું,
પછી ટકોરાબંધ થઈને
નીકળી પડવું,
કોઈ ઘરે, કોઈક પરબે
અને પછી તૂટી જવું
ફરી ફરીને બનવા
વધુ ટકોરાબંધ, એક માટલું.


❖❖❖

માટલું ભલે માટીનું રહ્યું
પણ મેલું નથી
ટીપાઈ ટીપાઈને સ્થિર થાય છે
તપી તપીને ઠંડું થાય છે
ને રાહ જોઈ જોઈને
સભર થાય છે
એટલે એ
ન રહે ત્યારે પણ રહે છે.

❖❖❖

ફ્રીઝ ખોલી
પ્લાસ્ટિકની બૉટલથી સીધું પાણી પીતી
દીકરીને એવી રીતે જોઈ રહું છું
જેમ એક કાળે
માટલું મને જોઈ રહેતું હતું.

❖❖❖



# આટાનો સૂરજ

**રતિલાલ 'અનિલ'**

**મા**રી મા આટાનો સૂરજ બે હથેળી વચ્ચે ઘડતી, હા, આટાનો સૂરજ! સફેદ સફેદ, ગોળ ગોળ અને હું જોયા કરતો એ લથબથ આટાનો સૂરજ, એ બે હાથ વચ્ચે ફરતો, ઘડાતો અને ગોળ ગોળ બનતો... હાથના એ થપથપાટમાં માતાનું વહાલ હતું. જ્યારે એ ઘડાતો ત્યારે લાગતું આજે જરૂર સૂરજ ઊગ્યો છે. વાદળાં જેવું કશું આવરણ નથી. ખાસ્સો ઉજાસ છે અને દિવસ દેખાય છે, હું દેખાઉં છું. મા દેખાય છે... દિવસ ઊગ્યાની જાણ ત્યારે આ શિશુને મારી મા આટાનો સફેદ સફેદ સૂરજ ઘડતી ત્યારે થતી... અમે દીવાના અજવાળે જોતાં તો કેટલુ મોડે શીખ્યા! અમને શીખવાડવામાં આવ્યું ત્યારે તેય થોડું થોડું! અમને તો ચૂલો ઊગે ત્યારે દિવસ ઊગવાનો એવું લાગતું... માણસનો સૂરજ ઊગ્યો એની માએ બંને હાથે આટાનો સૂરજ ઘડવા માંડ્યો ત્યારે જાણ થઈ! તે પહેલાં તો પેલા પશુ જેમ આમતેમ હડી કાઢી, ઝપટી, ઝાપટ મારી કંઈ ખાઈ લેતા. એ આદિમ લોક હતો, આ મારો લોક... માએ આટાનો સૂરજ ઘડવા માંડ્યો ત્યારે મનુષ્યલોક બન્યો.

માણસે પહેલાં ચૂલો સળગાવ્યો, તે પછી એને લાગ્યું કે દીવો કરું. પહેલાં તો ચૂલાના અજવાળે એકબીજાના મોંઢા જોઈ લેતા... એના પર નાચતા પ્રકાશના ઓળા જોઈ રહેતા, ધુમાડો થાય ત્યારે સૂરજગ્રહણ જેવું લાગે પણ મા ચૂલામાં ફૂંક મારે, પછી ખાંસે અને મોઢું તણાય પછી ગ્રહણ છૂટી જાય...

એ માટે બ્રાહ્મણને કે અંત્યજને દાન કરવું પડતું નહીં. ઘડાતા સૂરજને અમે કોઈ વિસ્મયથી નહીં, આશાથી નહીં, પણ બસ જોઈ રહેલા... અમે મંદિર બંધાતું હતું ત્યારે ઘડાતા ઈશ્વરને પણ જોયો હતો... હતો તે લંબચોરસ પથ્થર, ઘડનારને લાગતું કે એના મૂળ આકાર આસપાસ થર જામી ગયા છે તે દૂર કરું એટલે ઈશ્વર પ્રગટ થશે પણ એ કામ બે ટાંકણાં ને હથોડી લઈને કરતો તે કંઈ ગમતું નહીં, આ મારી મા લોટના પિણ્ડમાં છુપાયેલા સૂરજને વહાલથી થપથપાવીને પ્રગટ કરે છે એવું કંઈ એમને કેમ આવડતું નહીં હોય? એ તો 'કળાકાર' કહેવાય છે, અને મા તો બસ મા છે, એથી વિશેષ કંઈ નહીં. આટાના સૂરજની પણ એ માતા જ ને? આ સૂરજને રોજ રોજ ઘડવો પડે છે શા માટે? માતા પોતાના અસ્તિત્વ માટે, પોતાના જીવન માટે, માતૃત્વ માટે એ અનિવાર્ય માનતી હશે... સૂરજ રોજ ઊગવો જોઈએ માતૃત્વને જીવંત, અખંડ રાખવા માટે, પેલો કહેવાતો સૂરજ કહે છે કે આથમે છે ત્યારે વળી મા આટાના સૂરજને બંને હાથને આમ તેમ કરી, એને મલાવી મલાવીને ઘડે છે... પેલો મૂર્તિકાર પુરુષ છે. મૂર્તિ પુરુષની કઠોરતાથી કદી ઓગળતી નથી, એ ઈશ્વરને પણ કઠોરતાથી ઘડે છે. આટાનો સૂરજ ઘડાય છે ત્યારે કેવો, રસ પડે એવો, બસ સાંભળ્યા કરીએ. એવો ધ્વનિ આવે છે... એમાં જીવનનો લય અને યતિન અનુભવ થાય છે... દૂર સડક પરથી ચાલ્યા જતા સૂરજના ઘોડાની ટાપ પણ માના એ થપથપાટમાં સંભળાય.

પેલા ખ્રિસ્તીઓ તો ઈશ્વરને પિતા અને ઈસુને ઈશ્વરનો પુત્ર કહે છે, પણ મને તો એ મેરીનો દીકરો જ લાગે છે. એ પિતાના પુત્ર કરતાં મેરીનો પુત્ર વધારે લાગે છે... હા, સાચું કહું છું, સાચું કહું છું, પિતા કઠોર જ હોય છે, કઠોર, એ સખ્તાઈથી ઘડે છે. પેલો મૂર્તિકાર હથોડી અને ટાંકણાથી મંદિરના ઈશ્વરને ઘડે છે તેમ જ... એ પિણ્ડ આસપાસના થરને થપથપાવી વહાલથી કંઈ ઘડી શકતો નથી... આવો કરુણાળુ ઈસુ પિતાએ ઘડ્યો હોય? ના, ના, આટાનો સૂરજ ઘડતી મેરીએ જ વહાલથી એને ઘડ્યો હશે. પિણ્ડને શી રીતે ઘડવો એ માતા જ જાણે છે, માતા જ જાણે છે. પિતા પિણ્ડ હાથમાં લે છે, ત્યારે પણ મારે પથરાને જ ઘડવાનો છે એવું માને છે અને મા પથરાને હાથમાં લે છે ત્યારે મારે સ્વાદિષ્ટ ચટણી જ લસોટવાની છે એમ માને છે... અને એક્ય બને છે... ગોળ પથરો આગળ જાય, પાછળ જાય અને ચટણી લસોટાય... મા જાણે ચટણીને નહીં, એક લયને લસોટે છે, લયને... મેં પ્રથમ વાર ઘડિયાળનું લોલક જોયું એ પહેલાં એનો લય આ લસોટાતા લયમાં જોયો હતો.

આ ભદ્ર લોકોની રોટલી સાચું કહું છું, મને ગમતી નથી. જુવારના સફેદ સફેદ, બાજરી જુવારના રોટલાથી મારો પિણ્ડ

ઘડાયો છે, એ સૂરજ મારો જઠરાગ્નિ બન્યો હતો... એમાં સર્જનનો લય હતો. બંને હાથમાં રહીને આમતેમ ઝૂલતો, થપથપાતો. ચૂલાના અજવાળે એ કાંતિમાન લાગતો અને થપ્પ દઈને કલેડે પડતો, તવેતાથી ફેરવાતો, અને સુગંધ આવતી, જઠરાગ્નિને આતુર કરી મૂકતી... એવું કશું આ રોટલીમાં નથી. એ ઘડાતી નથી, વણાય છે... એ 'પ્રોડક્ટ' લાગે છે, માના હાથનું ઘડતર એ નથી.

અમારે દીવાટાણું નહોતું થયું. દીવાટાણું તો આ રોટલી આવી ત્યારે થવા લાગ્યું. માના વખતમાં તો ચૂલાટાણું થતું. ચૂલાના અજવાળે અમારા ચહેરા મા જોતી... પછી એ કહેતી, 'ફૂંક માર તો ભઈલા...' અને અમે ધુમાડા ભેગી રાખ પણ ઉડાડતા! બાળકો આમેય મસ્તીખોર ન થાય તે બાળક નહીં! અમે તો મસ્તી ભૂલી જવાની હોય ત્યારે જ પિતા પાસે જતા. પિતા કઠોર વ્યવસ્થાનું પ્રતીક, વ્યાકરણનો એક કઠોર નિયમ, સમાસ કરતી વખતે બંને શબ્દને જોડે નહીં, પુરુષ - 'પિતા' બને નહીં, પુરુષ-પિતા એવી જોડણી સ્વીકારે. સમાસમાં પણ અંતરમા રાખે. પ્રત્યયની જેમ માના વાંસે ઝૂલી શકાય, પિતાના વાંસે? જોખમ તો ખરું જ. માને પ્રત્યયનો બોજ લાગતો નથી, એ એને પોતાનું જ અભિન્ન અંગ માને છે.

ખરેખર આટાનો સૂરજ ઘડાતો એ સમય 'ટાણું' લાગતું. બહાર રઝળવા ગયા હોઈએ અને અલગ અલગ રહેતા પુત્રો-પુત્રવધૂને ન્યૂ ઈયર સાંભરે અને માની પાસે ડિનરટેબલ પર ભેગાં થઈ જાય એમ અમારે માટે સાંજે એ ન્યૂ ઈયરનું ટાણું થઈ જતું! અમે ગમે ત્યાં હોઈએ પણ ટાણે હાજર થઈ જઈએ, મા પાસે - 'ચૂલા પાસે' એ તો અ-કવિના શબ્દો છે.

આટાનો સૂરજ ઘડાતો માના વહાલસોયા હાથે. ત્યારે રોજ રોજ ટાણું આવતું, એ માટે કૅલેન્ડર-પંચાગ જોવા પડતાં નહીં... ના, નહીં જ વળી. અમારા ચહેરા ચૂલાના અજવાળે કાંતિમાન થતા-થયા. અમને મહેનતું કહેવાતા માણસોને એ અજવાળાએ જ કાંતિ આપી. હા, પહેલાં મા કપાસનું રૂ લઈને પૂમડું બનાવતી, એને ઘીવાળું કરી, કોડિયામાં મૂકી, પ્રગટાવી એનું સૌમ્ય તેજ ચહેરે ઝીલી, બે હાથ જોડી, તે પછી જ ચૂલો પ્રગટાવતી, પણ એ દીવો કરવામાં મોડું થતું અને અમે અકળાઈ ઊઠતા... પહેલાં દીવો, પછી ચૂલો... એ ક્રમ માને સમજાતો, અમને નહીં. દીવાટાણું, ચૂલાટાણું... અમે તો માત્ર 'ટાણું' યાદ રાખતા, એ જ યાદ રહેતું.

> દીકરા સાથે રહેવા મા હૃદયમાં હર્ષ રાખે છે;
> દીકરો બીમાર મા માટે અલગથી નર્સ રાખે છે.
> સ્હેજ અડતામાં જ દુઃખો સામટાં થઈ જાય છે ગાયબ,
> મા હથેળીમાં સતત જાદુઈ એવો સ્પર્શ રાખે છે.
> આપી દે થોડાં પતિને, આપી દે સંતાનને થોડાં,
> મા સ્વયંને જીવવા તો એક પણ ક્યાં વર્ષ રાખે છે.
> ઠેસ બાળકને કદી ક્યાંયે ન વાગે એટલા માટે,
> મા સદા ચોખ્ખી જ ઘરની ને હૃદયની ફર્શ રાખે છે.
> જો પ્રભુ સૌને જનમ આપે છે તો મૃત્યુય આપે છે,
> મા તો ઈશ્વરથીય ઊંચો આગવો આદર્શ રાખે છે.
> ચોરખિસ્સામાં બધાંયે આંસુઓ સંતાડી રાખે છે,
> મા સતત પાંપણની પાછળ એક એવું પર્સ રાખે છે.
>
> **- અનિલ ચાવડા**

અમે બધાં સાંજે ચૂલા આસપાસ, માની આસપાસ ભેગાં થઈ જતાં... અમને જીવનની ગંધ આવવા માંડતી... એવું તે શું થયું કે હવે જિજીવિષાની ગંધ સાંજટાણે આવે છે? પેલી મા - હા, 'પેલી', 'આ રહી મા' કહેવાનો અવસર તો નીકળી ગયો, ગયો ગયો, ગયો જ તે... જીવનની ગંધ ઊછરતા; ઉગમ પામતા જીવનની ગંધ... ઊગતા સૂરજની ગંધ... માના હાથે ઘડાતા આટાના સૂરજ અને અશ્વિનીકુમારના ઘડતરની ગંધ...

હવે અધીરતાને ક્રિયામાં જોડી તેને સૌમ્ય કરવા કોઈ કહેતું નથી, 'ચાલ, હાથપગ ધોઈ આવ, કાંધી પરથી થાળી ઉતાર, લૂછ, અને લઈને બેસી જા....' આટાનો સફેદ સૂરજ પણ ઘડાતો નથી, રોટલી શી રીતે વણાય છે તેયે જોયો-જાણતો નથી, ટાણું આવે છે કે નથી આવતું તેયે જાણતો નથી, હાંક પડે છે, 'જમવા ચાલો' અને ટેવથી બોલી જવાય છે 'અવાય છે હવે... એમ કરો, અહીં જ થોડું મોકલી આપો...' ડિલિવરી... ડ્રોઈંગરૂમમાં બેઠાં ડિલિવરી.... મોઢા પર ઈલેક્ટ્રિક બલ્બની રોશની લીંપી છે. ચૂલાનું નાચતું અજવાળું મોઢા પર પણ પ્રતિછાયા કે ઓળા રૂપે નાચતું તે માની સાથે ગાયું... 'આપણાં' ને 'પેલા' કહેવાં પડે, નજીકને દૂર કહેવું પડે, હાથવગા સૂરજને 'પેલ્લો દૂર દૂર દેખાય એ સૂરજ...' કહેવું પડે એ કેટલું વસમું હોય છે... 'વસમાં વળામણાં' રણે જતા પુરુષને જ શું હોય છે? પોતીકાં, પોતીકાપણું લેતાં જાય, એ જ વિરહ છે, એ જ વિરહ છે, જુદાઈ છે.

❖❖❖

# આત્મધન

એકવાર રવીન્દ્રનાથ ટાગોર જાપાન ગયા હતા. ત્યાં દસ દિવસ સુધી દરરોજ સાંજે ૬ થી ૭ સુધી તેમનો શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપર પ્રવચન આપવાનો કાર્યક્રમ હતો.


તેમાં લોકો આવીને બેસતા હતા. તેમાં એક વૃદ્ધ પણ પ્રવચન સાંભળવા આવતા હતા.

તેઓ ઘણા જ પ્રેમ અને સન્માનથી ગુલાબના ફૂલોનો હાર દરરોજ રવીન્દ્ર-નાથજીને પહેરાવતા હતા.

તેઓ સભામાં સૌ પ્રથમ આવતા અને પ્રવચન પુરું થયા પછી રવીન્દ્રનાથજીના ઊભા થઇ ગયા પછી જ પોતાનું સ્થાન છોડતા હતા.

શીલ અને શિષ્ટાચાર તેમના જીવનમાં સંપૂર્ણરૂપથી જોવા મળતાં હતાં. જેમ એક નિપુણ જિજ્ઞાસુ પોતાના ગુરુદેવની તરફ નિહાળે તેવી જ રીતે તે વૃદ્ધ રવીન્દ્ર-નાથજીની તરફ જોતા હતા અને તેમનો એક એક શબ્દ આત્મસાત કરતા હતા. સાધારણ કપડાંવાળા આ વૃદ્ધ રવીન્દ્રનાથજીના વચનામૃતથી લાભાન્વિત થતા હતા. સભામાં ઉપસ્થિત લોકોને ખ્યાલ પણ ન હતો કેઃ કોન કેટલો ખજાનો લઇને જાય છે..!

એક કલાકના પ્રવચન પછી જ્યારે રવીન્દ્રનાથજી પોતાનું પ્રવચન પૂરું કરી સમાપન કરતા ત્યારે તમામ લોકો ધન્યવાદ આપવા માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે તેમની નજીક આવીને તેમના ચરણસ્પર્શ કરતા હતા. કથાની પૂર્ણાહુતિ થતાં લોકોએ મંચ ઉપર સુવર્ણ મુદ્રાઓ..યેન (ત્યાંનું ચલણ) ફળ..ફૂલ..વગેરેનો ઢગલો કરી દીધો, તે સમયે પેલા વૃદ્ધ આવીને બોલ્યા કેઃ મારી વિનમ્ર પ્રાર્થના છે કેઃ આપ આવતી કાલે મારા ઘેર પધારો. આ વૃદ્ધના



વિનય સંપન્ન આચરણથી મહર્ષિ પ્રસન્ન થયા. તેમના ભાવપૂર્ણ નિમંત્રણનો સ્વીકાર કરી લીધો.વૃદ્ધે કહ્યું કેઃ

આપે મારી પ્રાર્થના સ્વીકારી એટલા માટે હું આપનો ઘણો જ આભારી છું. આંખોમાં હર્ષના આંસુ સાથે તે વૃદ્ધ વિદાય થયા.

રવીન્દ્રનાથજીએ પોતાના સહાયકને કહ્યું કેઃ

આ વૃદ્ધ ઘણા જ ભાવનાશીલ છે.

મારા પ્રત્યે તેમને ઘણી જ ઊંડી શ્રદ્ધા છે..

તમો કાળજી રાખજો કેઃ આ વૃદ્ધ મારા સ્વાગતની તૈયારીમાં ક્યાંક વધુ ખર્ચ ના કરી દે..! કે પાછળથી તેમને આર્થિક બોજો સહન કરવો પડે..! આપણે તેમના ઘેર જઇએ ત્યારે તેમના બાળકોના હાથમાં બસો યેન આપી દેવા.

આપણે આવતી કાલે ચાર વાગે તેમના ઘેર જઇશું.

બીજા દિવસે પોણા ચાર વાગે તે વૃદ્ધે કોન્ટેસા ગાડી લાવીને ઊભી કરી દીધી. ગુલાબના ફૂલોથી સજાવેલ ભવ્ય ગાડીને જોઇને રવીન્દ્રનાથજીએ વિચાર્યું કે આ ગાડી તેઓ ભાડે લાવ્યા હશે અને તે પેટે ઘણો ખર્ચ કર્યો હશે. મહર્ષિ ગાડીમાં બેઠા. કોન્ટેસા ગાડી કોઇપણ જાતનો અવાજ કર્યા વિના ચાલી અને એક ઊંચી પહાડી ઉપર વિશાલ મહેલના ગેટ પાસે આવીને ઊભી કરી દીધી.વોચમેને સલામ મારીને ગેટ ખોલ્યો.

ગાડીએ અંદર પ્રવેશ કર્યો. કેટલાક પુરુષો-સ્ત્રીઓ તથા બાળકોએ આવીને અભિવાદન કર્યું. પેલા વૃદ્ધ તેમને અંદર લઇ ગયા.

સોનાની ખુરશી ઉપર રેશમી વસ્ત્ર પાથરેલ હતું, તેના ઉપર મહર્ષિને બેસાડ્યા. સોના ચાંદીના વાસણોમાં વિભિન્ન પ્રકારના મેવા..મીઠાઇઓ પીરસવામાં આવી.

પરિવારના લોકોએ શ્રદ્ધાપૂર્વક તેમનું પૂજન કર્યું અને મહર્ષિના ચરણોમાં બેસી ગયા. રવીન્દ્રનાથજી આવા ઠાઠમાઠને જોઇને ચકિત થઇ ગયા..! તેમણે પેલા વૃદ્ધને કહ્યું કેઃ તમે મને ક્યાં લઇ આવ્યા..?

હવે મને તમે તમારા ઘેર લઇ જાઓ.

આ મહેલોથી મારે શું પ્રયોજન..? સાદા કપડાંમાં સજ્જ તે વૃદ્ધે કહ્યું કેઃ

મહારાજ..! આ મારું જ મકાન છે. આપણે જે કોન્ટેસા ગાડીમાં આવ્યા છીએ તે પણ મારી જ ગાડી છે. મારી એવી બીજી પાંચ ગાડીઓ છે.

આવી સોનાની બીજી બે ખુરશીઓ પણ છે.

આ લોકો જે હાથ જોડીને ઊભા છે તે મારા પુત્રો-પૌત્રો-પ્રપૌત્રો છે.

આ મારા બાળકોની મા છે.

પરમાત્માની કૃપાથી સ્વામીજી મારી બે મિલો છે.

રવીન્દ્રનાથજી આશ્ચર્ય ચકિત સ્વરમાં બોલ્યા કે: આટલા બધા ધનાઢ્ય હોવા છતાં આટલા સાદા ગરીબો જેવાં કપડાંમાં આવીને બેસતા હતા..કેમ..? મહારાજ..! હું સમજું છું કે આ બાહ્ય તડકભડક અને ભૌતિક પદાર્થો એ વાસ્તવિક ધન નથી.

જે ધનથી આત્મધન ન મળે તે ધનનો ગર્વ કરવો બેવકૂફી છે.

તે ધન ક્યારે ચાલ્યું જાય તેની ખબર પડતી નથી. પરલોકમાં તે કોઇ કામમાં આવતું નથી, એટલા માટે આ ધનનો ગર્વ કરીને કથામાં આવવું એ ના-સમજી છે.

આ ધનને સંભાળતાં સંભાળતાં સંભાળવા યોગ્યને ના સંભાળવું એ નાદાની છે. મહારાજ..! જ્ઞાન અને ભક્તિના ધનની આગળ આ ભૌતિક ધનની કોઇ જ કિંમત નથી. ભૌતિક ધન તો મને મજૂરી કરાવે છે. સાચું ધન તો આત્મધન છે અને તે જ મને સંભાળે છે..મારું રક્ષણ કરે છે.

ખરેખર હું આપનો કૃતજ્ઞ છું. હંમેશ માટે આપણો આભારી રહીશ.

મેં જીવનભર બાહ્યધનને કમાવવામાં

અને સંભાળવામાં મારા જીવનનો બહુમૂલ્ય સમય વેડફી નાખ્યો, તેમ છતાં જે સુખ અને શાંતિ ન મળી તે આપના પ્રવચનથી મને મળી. બાહ્ય વસ્ત્ર અલંકારને તુચ્છ સમજીને..સાદા કપડાં પહેરીને.. કંગાળની જેમ આપના દ્વાર પર આવીને મને જે આધ્યાત્મિક ધનની પ્રાપ્તિ થઇ છે જેનાથી હું ધન્ય બન્યો છું.

રવીન્દ્રનાથ ટાગોરનું મન પ્રસન્ન થયું. જ્યાં જ્ઞાનનો આદર થાય છે, ત્યાં જીવનનો આદર થાય છે. રવીન્દ્રનાથજીએ કહ્યું કે.. શેઠ..! બાહ્ય ધન સાથે તમારી આસક્તિ નથી અને ભિતરી (અંતરંગ) ધનનો આપ આદર કરો છો એટલે તમે વાસ્તવમાં શેઠ છો. હું પણ આજે ધન્ય બન્યો છું. તમારા જેવા ભક્તના ઘેર આવીને મને અનુભવ થયો કે... મારું કથા પ્રવચન કરવાનું સાર્થક થયું છે.

ઘણી જગ્યાએ જવાનું થાય છે,પરંતુ મોટા ભાગના લોકો માગતા જ રહે છે,પરંતુ તમે બુદ્ધિમાન છો.. નશ્વર ધનની માગણી કરતા નથી..તેમ છતાં દાતા તમોને નશ્વર ધન આપતા જ જાય છે અને એ જ દાતા (પરમેશ્વર) એ તમોને શાશ્વત ધનની ભૂખની ભૂખ મટાડવા માટે જ મને અહીં મોકલ્યો લાગે છે..!

ધન વૈભવ હોવા છતાં તેમાં આસક્તિ ના રાખવી અને વિશ્વેશ્વરના ચરણોમાં બેસી પોતાના અહંકારને ગાળીને આત્માના અનુભવમાં જે પોતાના જીવનને ધન્ય કરી લે છે તે જ સાચો ધનવાન છે. જેટલી ઊંડી આસક્તિ એટલું વધારે દુઃખ. ❖❖❖

એક ડૉક્ટર બહુ જ હોશિયાર હતા. તેમના વિશે કહેવાતું કે, એ તો મોતની નજીક પહોંચી ગયેલા માણસોને પાછા લઈ આવે છે. ડૉક્ટર પાસે જે દર્દી આવે તેની પાસે એક ફોર્મ ભરાવે. દર્દીને પૂછે કે, તમે આ ફોર્મમાં લખો કે, જો તમે બચી જશો તો તમે કેવી રીતે જીવશો ? જિંદગીમાં જે બાકી રહી ગયું છે, એ શું છે ?

દરેક દર્દી પોતાના દિલની વાત લખતો.

હું બચી જઈશ તો મારા પરિવાર સાથે પૂરતો સમય વિતાવીશ. મારા દીકરા અને દીકરીનાં સંતાનો સાથે પેટ ભરીને રમીશ. કોઈએ પોતાનો ફરવા જવાનો શોખ પૂરો કરવાની વાત કરી. તો કોઈએ એમ પણ કહ્યું કે, મારાથી જે લોકોને હર્ટ થયું છે; એની પાસે જઈને માફી માગી લઈશ.

એક દર્દીએ કહ્યું કે, હસવાનું થોડુંક વધારી દઈશ. જિંદગી સામે કોઈ ફરિયાદ નહીં કરું. ગિલ્ટ ન થાય, એવું કામ કરીશ. જાતજાતની વાતો જાણવા મળી.

ડૉક્ટર ઓપરેશન કરે. દર્દી રજા લઈને જાય ત્યારે ડૉક્ટર એ જ ફોર્મ દર્દીને પાછું આપે. દર્દીને કહે કે, પાછા બતાવવા આવો ત્યારે આ ફોર્મમાં તમે જે લખ્યું છે, એના પર ટિક માર્ક કરતાં આવજો અને કહેજો કે તમે લખ્યું હતું, એ રીતે કેટલું જીવ્યા ?

ડૉક્ટરે કહ્યું કે, એકેય માણસે એવું નહોતું લખ્યું કે, જો હું બચી જઈશ તો મારે જે વેર વાળવું છે, એ વેર વાળી લઈશ. મારા દુશ્મનને ખતમ કરી નાખીશ. હું રૂપિયા વધારે કમાઈશ. મારી જાતને વધુ બિઝી રાખીશ. દરેકનો જીવવાનો નજારિયો જુદો જ હતો.

ડૉક્ટર સવાલ કરતા કે, તમે સાજા હતા ત્યારે તમને આ રીતે જીવતા કોણ રોકતું હતું ? હજુ ક્યાં મોડું થયું છે ?

બે ઘડી વિચાર કરો કે, તમારી જિંદગીમાં એવું જીવવાનું કેટલું બાકી છે, જેવું જીવવાનું તમે ઈચ્છો છો ?

બસ, એ રીતે જીવવાનું શરૂ કરી દો.

સાચી જિંદગી એ જ છે કે જ્યારે જીવન પૂરું થવાનું હોય ત્યારે કોઈ અફસોસ ન હોય !

એવું ન લાગવું જોઈએ કે, હું મારી જિંદગી મને ગમે એમ જીવ્યો નથી !

# બાલ્કની



નિશા બુટાણી

રસોડામાંથી હાથ લૂછતાં લૂછતાં સ્નેહા હજુ સોફા પર બેસવાની જ હતી, ત્યાં જ તેના પતિ સંદીપે કહ્યું સ્નેહા, તું રસોડામાંથી નવરી થઇ ગઇ હોય તો સ્મિતને સુવડાવી દે પ્લીઝ, મારે હજુ થોડું ઓફિસનું કામ કરવાનું છે.

સ્નેહા સોફા પર બેઘડી બેસવાનું માંડીવાળી સ્મિતને સુવડાવવા ગઇ. સ્મિત હજુ હતો તો એક જ વરસનો, પણ ખૂબ રમતિયાળ અને એકદમ મીઠો લાગે એવો. સંદીપ એક ખાનગી કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે કામ કરતો હતો, દિવસ-રાત ટાર્ગેટ પૂરા કરવામાં સ્નેહા અને સ્મિતને પૂરતો સમય આપી શકતો ના હતો અને તેનો તેને રંજ પણ રહેતો. એમના લગ્નના ૨ વરસની અંદર જ સ્મિતનો જન્મ થયો હતો એટલે પતિ-પત્નીને એકબીજા માટે ખાસ સમય ક્યારેય મળ્યો નહોતો એનો વસવસો બન્નેને હતો. ક્યારેક સ્નેહા આ બાબતને લઈને રિસાઈ પણ જતી ત્યારે સંદીપ તેને પ્રેમથી સમજાવી મનાવી લેતો કે કંપનીમાં થોડો સરખો સેટ થઇ જાવ, એકવાર સરખું પ્રમોશન મળી જાય એટલે આપણી પાસે સમય જ સમય હશે. આ સાંભળી સ્નેહા ખુશ થઇ જતી, પણ અંદરખાને તેને ખબર હતી કે પ્રમોશન મળે એટલે આવક વધે પણ સાથે જવાબદારી પણ વધે અને જવાબદારી વધે તો સમય કેમ મળે ?

સ્મિતને સુવડાવી સ્નેહા TV નું રિમોટ લઇ સોફા પર બેઠી ત્યાં જ એની નજર સામે વાળા ફ્લેટ પર ગઈ. હંમેશાં બંધ રહેતા એ ફ્લેટમાં આજ પહેલીવાર પ્રકાશ જોઈ એને લાગ્યું કે કોઈક નવું રહેવા આવ્યું લાગે છે એવું વિચારતી પોતાની મનપસંદ સિરિયલ જોવામાં મશગૂલ થઇ ગઇ.

બીજે દિવસે સવારે સંદીપના ઓફિસે ગયા પછી જેવી સ્નેહા બાલ્કનીમાં કપડાં સુકાવા ગઇ કે એનું ધ્યાન સામેના ફ્લેટમાં જ્યાં પ્રકાશ જોયો હતો તેની બાલ્કનીમાં પડ્યું. એક નવયુગલ આરામથી બાલ્કનીમાં વાતો કરતા કરતા ચા-નાસ્તો કરી રહ્યા હતા. તેમને જોતાવેંત એ સમજી ગઇ કે આ લોકો જ નવા રહેવા આવ્યા લાગે છે. એ યુગલને સવારમાં સાથે આરામથી બેસી વાતો કરતા જોઈ પહેલા તો તેને આનંદ થયો, પણ પછી તરત બીજો વિચાર આવ્યો કે અમે પણ આમ બાલ્કનીમાં બેસીને આરામથી ચા-નાસ્તો કરી શકીયે એટલો સમય સંદીપને ક્યારે મળશે, એ પણ વિક-ડે મા ? પછી મનોમન બબડી કે મારે તો એના માટે રિટાયર્ડમેન્ટ સુધી રાહ જોવી પડશે એવું લાગે છે.

સાંજના ફરીથી સ્મિતને સુવડાવી જેવી સોફા પર બેઠી કે સામેના ફ્લેટમાં થી આવતા પ્રકાશમાં બે પડછાયા ડાન્સ કરતા દેખાયા. એ એકીટસે જોતી જ રહી ગઈ. બન્ને કેટલી સહજતાથી ડાન્સ કરી રહ્યા હતા, લાગે છે બન્ને ડાન્સર હશે.

એટલીવારમાં સંદીપ ત્યાં આવ્યો એને જોઈ પહેલા તો ખૂબ હોશે હોશે સંદીપને એ યુગલ બતાવ્યું અને પછી નિસાસો નાખતા કહ્યું આપણને આવો સમય ક્યારે મળશે ? સંદીપને આ વાત લાંબી નહોતી ખેંચવી એટલે એણે ટૂંકમાં પતાવ્યું કે, બસ થોડાં વર્ષોમાં સરખા સેટ થઈ જઈએ એટલે સમય જ સમય છે. આટલું કહી સ્નેહાના જવાબની રાહ જોયા વગર એ સૂવા જતો રહ્યો.

હવે સ્નેહાનું આ રોજનું થઈ ગયું હતું. સવારે કપડાં સૂકવતી વખતે એ યુગલને તે બાલ્કનીમાં ચા પીતા જોવે અને સાંજે ડાન્સ કરતા. સ્નેહાને આ યુગલ ને જોઈને પોતાના જીવનની ખામીઓ ખૂબ ખૂંચવા લાગી હતી, અંદર ક્યાંકને ક્યાંક હવે થોડી ઈર્ષા પણ થવા લાગી હતી. લગભગ આ એકાદ મહિનો ચાલ્યું હશે, ત્યાં એકાએક એ યુગલની સવારની ચા અને સાંજનો ડાન્સ બન્ને બંધ થઇ ગયા. સ્નેહાનું ફરી ફરી ધ્યાન ત્યાં જ જતું હતું. પેલા ફ્લેટમાંથી પ્રકાશ આવતો, એ યુગલ માંથી યુવતીનો પડછાયો દેખાતો પણ એ યુવક ક્યાંય ના દેખાતો. કદાચ એ બિઝનેસ ટૂરમાં ગયો હશે, કદાચ તેના માતા-પિતા ને મળવા ગયો હશે આવા અનેક અનુમાન તે કરતી.

આજે આ પાંચમી સાંજ હતી આજે પણ એ બન્ને સાથે ના દેખાયા.

હરરોજની જેમ સ્નેહા રાહ જોઇ સૂવા ગઇ, હજુ તો નીંદર પણ નહોતી આવી ત્યાં સોસાયટી ના કમ્પાઉન્ડમાં એમ્બ્યુલન્સ નો અવાજ સંભળાયો. આટલી મોડી રાતે એમ્બ્યુલન્સ ? કોને ઘરે આવી છે એ જોવા બાલ્કનીમાંથી ડોકિયું કર્યું તો સામે ફ્લેટવાળા યુવક ને સ્ટ્રેચરમાં સુવડાવી એમ્બ્યુલન્સમાં લઇ જતા જોયા. આ દૃશ્ય જોઈ ને એને મનોમન દુ:ખ થયું, તે ભલે ક્યારેય એમને મળી નહોતી છતાં એમને ઘણીવાર જોયેલા, એમના જેવી જિંદગીની કલ્પના કરેલી, સ્વાભાવિક છે થોડું દુ:ખ તો થાય જ.

બીજા દિવસે સવારે ઊઠી ફટાફટ થોડું કામ પતાવી, સ્મિતને લઈ એ બાજુની વિંગમાં આવેલ નવયુગલના ફ્લેટ પર ગઈ, જરા હિચકિચાટ સાથે ડોરબેલ પણ વગાડી. થોડીવારમાં પેલી યુવતીએ દરવાજો ખોલ્યો, એ ક્યાંય બહાર જવા તૈયાર થઇ હોય એવું લાગ્યું. સ્નેહાએ પોતાનો પરિચય આપતા તેને કહ્યું કે તમે અહીં નવા આવ્યા લાગો છો,ગઇકાલે તમારે ત્યાં એમ્બ્યુલન્સ આવેલ એટલે થયું કે પૂછી જોઉં કંઈ મદદની જરૂર હોય તો. પેલી યુવતીએ સ્નેહાને અંદર આવવા કહ્યું, પછી માંડીને વાત કરી જે સાંભળીને સ્નેહાના પગ નીચેથી જમીન સરકી ગઇ. એ નવયુગલના થોડા મહિના પહેલા જ લગ્ન થયા હતા, લગ્ન પછી થોડાજ સમયમાં ખબર પડી કે એના પતિને કેન્સર છે. જ્યાં ગામમાં રહેતા હતા ત્યાં કેન્સરનો ઇલાજ થઇ શકે તેમ નહોતો, એટલે મહાનગરમાં સારવાર માટે આવ્યા હતા. ડૉક્ટરના કહેવા પ્રમાણે એના પતિ પાસે બહુ ઓછો સમય હતો એટલે એ બંનેએ નક્કી કરેલ કે જેટલો સમય છે એટલો સાથે રહી મનભરીને જીવશું. ગઈકાલ રાતે તેના પતિની તબિયત વધુ ખરાબ થતાં એને હોસ્પિટલમાં દાખલ કરેલ, અને અત્યારે એ ચા લઇને એના પતિ પાસે જ જતી હતી એ પણ ઉમેર્યું. એનો અવાજ ભરાયેલો હતો, જાણે હમણા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડશે.

આ બધું સાંભળીને સ્નેહાની આંખો પણ ભીની થઈ ગયેલ, શું કહેવું શું ના કહેવું એ એને સમજાતું નહોતું. એ યુવતીને આશ્વાસન આપીને ઘરે આવ્યા પછી એનો આખો દિવસ વિચારોના વંટોળમાં જ પસાર થયો. સાંજે જ્યારે સંદીપ આવ્યો ત્યારે એને વળગી પડી.આજે એને સમજાયું હતું કે તેની પાસે શું છે, તે કેટલી ખુશનસીબ હતી. ❖❖❖

મેં સરવાળા
કર્યા સહુના.. અને ખુદને ગણ્યો નહીં ;
અને જગત આખું એમ સમજે કે , હું
બરાબર ભણ્યો નહીં !

✧✧✧

લોકો ખોટું કરતી વખતે
ડાબે - જમણે
આગળ - પાછળ
જોઈ લેતા હોય છે ...
બસ....
ઉપર જોવાનું ભૂલી જાય છે.

✧✧✧

આભને આધાર નથી છતાંય
એ ઊંચું છે..
કારણ કે,
એ જેટલું ઊંચું છે તેટલું જ
ચારેય તરફ ઝુકેલું છે.

✧✧✧

સુખની વ્યાખ્યા દરેક માટે
અલગ અલગ હોય છે સાહેબ,
અમુક કિનારે પહોંચવા વલખા મારે છે,
જ્યારે અમુક કિનારે પહોંચીને.....

✧✧✧

કિલોના ભાવમાં વેચાઈ ગઈ એ
નોટબુકો, જેના પર ક્યારેક વેરીગુડ
જોઈને હરખ નોતો સમાતો.

✧✧✧

ત્રીજા ફટકે શ્રીફળ તૂટે
એનો એ અર્થ નથી કે પહેલા
બે ફટકા નિષ્ફળ ગયા.
આવું જ કંઈક આપણી career માં છે..

✧✧✧

સમય દરેક સમય ને બદલી નાખે છે...
ફક્ત સમય ને સમય આપો..

✧✧✧

ભારોભાર લાગણીઓમાં ભીંજવેલા
શબ્દોને હું પીરસું છું સાહેબ...
ક્યારેક એકલતા પી લઉં છું તો ક્યારેક
કૂવા માટે તરસું છું.

✧✧✧

જુઓને આ સ્વીચબોર્ડ.....ઘરના એક
ખૂણામાં એકલતા અનુભવતું હતું...
હવ નિરંતર ચાર્જરોની હૂંફ મળવાથી
સંબંધોનાં કનેકશનથી કેવું
જોડાયેલું રહે છે..

✧✧✧

જો આપણે આપણી જિંદગીની
વિષમ પરિસ્થિતિને ફેરવી દે
એવા કોઈ ફરિશ્તાની
રાહમાં હોઈએ.......
તો તે....
ફરીસ્તો...અરીસામાં મળશે....

✧✧✧

ભગવાન તું પણ કમાલ છે યાર
આંખો black & white આપી છે
અને સપનાં રંગીન જોવડાવે છે....

✧✧✧

લોકો તમારી સાથે નહીં,
પણ તમારી ''સ્થિતિ'' સાથે
હાથ મિલાવે છે. . .

✧✧✧

દિલ એ સૌથી મોટી કબ્ર છે,
સાંજ પડતા કેટલાયે અહેસાસ દફન
કરવા પડે છે...!

✧✧✧

ફેમસ થવા માટે
કર્મની જરૂર પડે છે
ફેસબુક અને વોટ્સએપની નહીં..?

✧✧✧

## સાહિત્યવૃત્ત



### કવિનો શબ્દ



**અનિલ ચાવડા**

આથમી ચૂક્યો છું હું એવું નથી ઊગ્યો છું એવું પણ નથી;
ટુકડે ટુકડે જીવું છું, પણ તૂટી ચૂક્યો છું એવું પણ નથી.
મારી આંખોએ પહેલી વાર સપનું જોયું છે એવું નથી,
ઊંઘમાંથી સાવ અત્યારે જ હું ઊઠ્યો છું એવું પણ નથી.
વાત એ પણ સાવ સાચી કે હું તારા પ્રેમમાં ડૂબી ગયો,
ફક્ત તારા પ્રેમને લીધે જ હું ડૂબ્યો છું એવું પણ નથી.
કોઈની સામે કદી નતમસ્તકે મેં હાર સ્વીકારી નથી,
હાથમાં હથિયાર લઈને હું સતત ઝૂઝ્યો છું એવું પણ નથી.
મેં સ્મરણ તારા ઘરેણાં જેમ પ્હેરીને નથી રાખ્યાં કબૂલ,
દૂર તારાથી રહીને હું તને ભૂલ્યો છું એવું પણ નથી.

- જિંદગીની આગ ! તું બાળે તો એવું બાળજે
  કે બળીને રાખ થઈ જાઉં કોકને અજવાળી હું...
- કેમ ગુમસુમ થઈ ગયો ? કંઈ બોલ, આ ઘાવ શાના છે ?
  શું થયું, તડકો તને વાગ્યો ? જરા ઝાકળ લગાવી દઉં ?
- હું જ બારણે દઉં ટકોરા હું જ બારણાં ખોલું ઘરનાં
  વરસોથી હું એક જ ધારો 'કોઈ આવ્યા' ની રમત રમું છું
- હળવે હળવે મંદિરિયામાં હરજી આવે ? ના આવે;
  તૂટી ગયેલા શ્વાસ સાંધવા દરજી આવે ? ના આવે

ઉનાળો કાળઝાળ થાય છે,
પાંપણથી ગાલ સુધી પ્હોંચે એ પ્હેલાં
તો આંસુ વરાળ થઈ જાય છે;
ઉનાળો કાળઝાળ થાય છે.
તગતગતા તડકાનાં ઊગ્યાં છે ફૂલ
એને અડીએ તો અંગઅંગ દાઝીએ,
આવા આ ધખધખતાં ફૂલો પર
ઝાકળની જેમ અમે કેમ કરી બાઝીએ ?
કોણે આ સૂરજની મટકી છે ફોડી કે ધોમધોમ લાવા ઢોળાય છે ?
ઉનાળો કાળઝાળ થાય છે.
આભ મહીં કોક જોડે બગડ્યું તો
ગુસ્સો તું ધરતીની ઉપર કેમ ઠાલવે ?
જ્વાળાનું ઠાઠમાઠ રજવાડું સાચવતા રાજાને આવું તે પાલવે ?
સૂરજિયા ! તારે ત્યાં અવસર કોઈ આવ્યો છે ?
આભ આખું ગીત તારાં ગાય છે;
ઉનાળો કાળઝાળ થાય છે.

**નિજી મુદ્રાથી આગવી છાપ અંકિત કરનારા અનિલ ચાવડા ઉત્તમ ગઝલકાર છે. અછાંદસ કાવ્યો, ગીતો, ટૂંકી વાર્તા તથા અનુવાદના ક્ષેત્રે કામ કરી રહેલા આ કવિને તેમના કાવ્યસંગ્રહ 'સવાર લઈને' માટે ગુજરાતી સાહિત્ય પરિષદ, સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. 'શયદા એવૉર્ડ' તથા 'યુવા ગૌરવ પુરસ્કાર' જીતનાર આ કવિને સાંભળવાની મજા આવે છે. રમેશ પારેખના ''આલા ખાચર''ની જેમ અનિલ ચાવડાના 'નયનસંગ બાપુ' તેમની વિશિષ્ટ રચના છે. સ્થળસંકોચને કારણે અત્યારે તો આટલી જ કૃતિઓ પ્રગટ કરું છું.**

**સંધ્યા શાહ**

વર્ષોથી ઘર હતું આ મારું અપંગ જેવું;
આવ્યાં તમે તો લાગ્યું સઘળે વસંત જેવું.
માણસ મટીને પળમાં હું થઈ ગયો સરોવર,
ને રોમરોમ ઊઠ્યું જાણે તરંગ જેવું.
બારી, કમાડ, ફળિયું ને એકએક નળિયું,
ઊજવી રહ્યાં છે ખુદમાં કોઈ પ્રસંગ જેવું.
લઈ જીર્ણશીર્ણ પર્ણો ઊભું હતું ખખડધજ,
એ વૃક્ષથી અચાનક ટહુક્યું વિહંગ જેવું.
ઊઘડી રહ્યું છે ચારે બાજુ ઉમંગ જેવું,
આવ્યાં તમે તો લાગ્યું સઘળે વસંત જેવું.

કોઈ અડક્યું તો કમાલ થઈ ગઈ;
ભીતર ધાંધલધમાલ થઈ ગઈ,
કોઈ આંખ જો ભીની થઈ તો,
કોઈ આંગળી રૂમાલ થઈ ગઈ.
પંખીએ બે ટહુકા વેર્યા,
હવા બધીયે ગુલાલ થઈ ગઈ.
ડાળે ડાળે શુભ સંદેશા,
ઋતુઓ જાણે ટપાલ થઈ ગઈ.
ઝાકળની જ્યાં વાત કરી ત્યાં,
સૂરજ સાથે બબાલ થઈ ગઈ.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

☐ દિલીપભાઈ એ. શાહ

ઝાલાવાડી સ્થા. જૈન સભા સંચાલિત ઉપરોક્ત ઉપાશ્રયમાં જ્ઞાનગચ્છ સંપ્રદાયના પ.પૂ. રેણુકાશ્રીજી મ. આદિ ઠાણા -૪ નું ચાતુર્માસ ભવ્યાતિભવ્ય રીતે પૂર્ણ થયા બાદ ઉપાશ્રયમાં સંઘના પ્રચંડ પુણ્યોદયે સતત સંતસતીજીના આવાગમન અને સ્થિરતાનો લાભ મળ્યા કરે છે.

જ્ઞાનગચ્છ સંપ્રદાયના પ.પૂ. ગુણમાલાશ્રીજી મ., પ.પૂ. રેણુકાશ્રીજી મ. આદિ ઠાણાનો વ્યાખ્યાન-વાંચણી-સત્સંગનો શેષકાળમાં લાભ મળેલ. ગોપાલ સંપ્રદાયના પ.પૂ. નિરાલીબાઈ મ., નિશિતાબાઈ મ. પધારેલ. દરરોજ વાંચણીમાં ખૂબ સુંદર હિતશિક્ષાઓ ફરમાવતા. દિલીપભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે બન્ને મંડળના જાપ કરાવી પ્રીતિબેન ડી. શાહ તરફથી પ્રભાવના આપવામાં આવેલ.

લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય ભગવંત પ.પૂ. પ્રકાશમુનિ મ. આદિ ઠાણા-૭ તેમ જ પ.પૂ. મેદુલાબાઈ મ. આદિ ઠાણા-૩ આ સંઘમાં લાભ આપવા પધારેલ વ્યાખ્યાનમાં પ્રભાવના એક સદગૃહસ્થ હાલ બોરીવલી તરફથી આપવામાં આવેલ.

લીંબડી અજરામર સંપ્રદાયના પ.પૂ. શીતલબાઈ મ. પ.પૂ. પ્રિયંકાબાઈ મ. આદિ ઠાણાનો શેષકાળનો સારો લાભ મળેલ. દરરોજ વ્યાખ્યાનમાં ૧ સામાયિકનું આયોજન કરેલ. તેની અનુમોદનાનો લાભ જયસુખલાલ લહેરચંદ શાહે લીધેલ. મહાસુદ પૂનમના દિવસે વિશેષ ધર્મઆરાધના અર્થે વ્યાખ્યાન સમયે ત્રિરંગી, બપોરે પ્રશ્નમંચ, પ્રતિક્રમણમાં ત્રિરંગી, તેમ જ પ્રશ્નમંચમાં ભાગ લેનાર દરેક માટે ચૌવિહાર, અલ્પાહાર રાખવામાં આવેલ. પાખી દિવસની તમામ ધર્મઆરાધના તેમ જ અલ્પાહારનો લાભ પન્નાબેન મહેશભાઈ શાહે હાલ ગોરેગાવ લીધેલ. તેમ જ સેવા-વૈયાવચ્ચ માટેનો લાભ પણ લીધેલ છે.

લીંબડી અજરામર સંપ્રદાયના પ.પૂ. મલ્લિકાબાઈ મ., પ.પૂ. વૈભવીબાઈ મ. આદિ ઠાણા પણ પધારેલ.

અભય શેખરસૂરીશ્વરજી મ.ના સુશિષ્યા પંન્યાસ પ.પૂ. જગતશેખરવિજયજી મ.સા. આદિ ઠાણા -૮ આ સ્થાનકમાં ૧૪ દિવસ શેષકાળ વ્યાખ્યાન વાણીનો લાભ આપેલ છે. આચારવંત સંતોનો નિશ્રામાં શનિ-રવિ યુવા વર્ગ માટે શિબિરોના આયોજનમાં ૨૫૦-૩૦૦ વ્યક્તિઓ જોડાયા. જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ. દેરાવાસી સમાજ અને પૂ. સાધુભગવંતો શાતાકારી સ્થાનકથી ખૂબ સંતોષ વ્યક્ત કરી આભાર વ્યક્ત કરેલ.

ચિં મોક્ષા જીગરભાઈના જન્મદિવસની ખુશાલીમાં પાઠશાળાનાં ૬૦ બાળકો માટે શિબિરનું આયોજન કરેલ. મનીષાબેન, આરતીબેન, ભારતીબેન પાઠશાળાના ટીચરોએ સંસ્કાર ઘડતર માટેનું શિક્ષણ આપ્યું. જેમાં ૫૫ થી ૬૦ મોટા બાળકો આ શિબિરમાં જોડાયેલ. જમણવારનો સંપૂર્ણ લાભ જીગરભાઈ જયસુખભાઈ શાહ પરિવારે લીધેલ.

કુસુમબેન સતીષભાઈ ના ૭૫ મા જન્મદિવસ નિમિત્તે 'આવો મારી સાથે' ગ્રુપના પ્રફુલ્લાબેનની પ્રેરણાથી સમૂહ જાપનું આયોજન કરેલ. બોટલ તેમ જ ગોળની પ્રભાવના કુસુમબેન સતીષભાઈ શાહ (સાયન) તરફથી આપેલ. ઘાટકોપર ઉજ્જ્વળ મહિલા મંડળ તેમ જ દક્ષાબેન પ્રકાશભાઈ શાહ હસ્તે રીટાબેન યોગેશભાઈ સપાણી તરફથી ૫૫ પરિવારને રૂા. ૬૦૦/- નું કિટબેગ ટોકન આપવામાં આવેલ. તેમનું સાધર્મિક પરમભક્તિ મહિલા મંડળ માટે દરેક આઠમ-પાખી પણ તેમના તરફથી અનુમોદના આપવામાં આવે છે.

શ્રી દાદર સંઘ અને સમર્પણ ગ્રુપ તરફથી ૨૫૦ પરિવારને બ્લેન્કેટ, મીઠાઈ તથા ફરસાણનું વિતરણ કરવામાં આવેલ. સમર્પણ ગ્રુપનાં નીતાબેન ગાલા અને તેમની ૧૮ જણની ટીમે રૂબરૂ આવી સાધર્મિકોની વાત્સલ્યપૂર્ણ ભક્તિ કરેલ. દાતાઓની નવકારશીનો લાભ સંઘે લીધેલ.

ઘાટકોપર સમર્પણ ગ્રુપના દર્શનાબેન સાવલા વિ. આ ઉપાશ્રયમાં સાધર્મિક ભક્તિ કરવા આવેલ. ૫૫ પરિવારને રૂા. ૩૦૦ની કિટબેગ ટોકન તેમ જ ધાર્મિક પુસ્તકો જિનસ્તુતિ, પાઠાવલી બુક વિગેરે મંડળને નિ:શુલ્ક આપવામાં આવેલ.

આર્થિક રીતે જરૂરિયાતમંદ પરિવાર માટે 'પરમભક્તિ મહિલા મંડળ' ત્રણ વરસથી સ્થાપેલ છે. જેમાં પ્રીતિબેન તેમ જ હીનાબેને ખૂબ જ મહેનત કરી ધર્મના પાયાના જ્ઞાનની સમજણ આપી. સામાયિક કંઠસ્થ કરાવી પ્રતિક્રમણ શીખવાડી રહ્યા છે.

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ-ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે. ઝાલાવાડી સભાના સભ્યોએ સભા પ્રત્યે સદાય સ્નેહ છલકાવ્યો છે. આધારસ્તંભ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### શ્રદ્ધાંજલિ



## માતુશ્રી વસંતબેન જયંતિભાઈ શાહ

**(સેન્ટ્રેક્ષ ઓપ્ટિશિયન પાર્લા)**

**સરળતા, સાદગી અને વાત્સલ્યથી ઊજળું જીવન જીવી જનારા, પરિવારને અપાર પ્રેમ, શાંતિ અને સંસ્કારોની ભેટ આપનારા માતુશ્રી વસંતબેન જયંતિભાઈ શાહની પુણ્યસ્મૃતિમાં પરિવારજનો તરફથી**

**આધારસ્તંભ યોજનામાં (પ્રત્યેકના ૧૧,૦૦૦/-)**

- જયંતિલાલ આર. શાહ
- ડૉ. કલ્પેશ જે. શાહ
- હર્ષિત મિલિંદ શાહ
- કિરણબેન વી. માદિયા
- મિલિંદભાઈ જે. શાહ
- બીનાબેન મિલિંદ શાહ
- માનસી હર્ષિતભાઈ શાહ
- ભાવનાબેન કમલેશભાઈ શાહ
- ઉન્નતિ ઋષભભાઈ દોશી

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
9860125136
પંચગીની : નિરવભાઈ
9819012468

માથેરાન તથા સંસ્થાના
અન્ય કામ માટે સભાના મેનેજર
શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો
સંપર્ક કરવો. 9867748120

પત્રિકા જાહેરખબર
દેવલાલી :
આશાબેન
9819956529

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ
9099350644 / 9426756100
મુંબઈ – મિલનભાઈ તુરખિયા
9860125136 / 7208472884

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સ્વ. છબલબેન ગુલાબચંદ કોઠારી (ચોટીલાવાળા) હસ્તે : ચિ. હિનલ દિવ્યકુમાર ભાયાણી (હુસુર) બેંગલોર
- પ્રવિણચંદ્ર ગુલાબચંદ કોઠારી (ચોટીલાવાળા) હસ્તે : ચિ. કથન વિકાસ કોઠારી (હાલ - રાજકોટ)
- સુરેન્દ્રનગર નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રીમતી સવિતાબેન કેશવલાલ શેઠના સ્મરણાર્થે
- શ્રીમતી રૂપાબેન મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ હડાળા નિવાસી (હાલ - જુહુ સ્કીમ) તરફથી તેમના સુપુત્ર ચિ. પ્રતિકના શુભલગ્ન ચિ. પ્રિયા સાથે થયા તેની ખુશાલીમાં.
- લીંબડી નિવાસી (હાલ - વિલેપાર્લા) સ્વ. અરૂણાબેન અમૃતલાલ શાહના સ્મરણાર્થે હ. સમીરભાઈ તથા ઉરલબેન
- ચુડા નિવાસી (હાલ-અંધેરી) શ્રી ધીરજલાલ લક્ષ્મીચંદ અજમેરા તરફથી
- (હાલ - ભિવંડી) સ્વ. શ્રી દિપકભાઈ કેશવલાલ ગાંધીના સ્મરણાર્થે
- લિંબડી નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી દિલીપભાઈ સ્વરૂપચંદ સંઘવી તરફથી ૭૦માં જન્મદિવસની ખુશાલીમાં
- ધાંગધ્રા નિવાસી (હાલ - ઘાટકોપર) કિંજલ ઋષભ શાહના લગ્નજીવનના પાંચ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે, હસ્તે નેહાબેન નલીનભાઈ શાહ
- બરવાળા ઘેલાશાહ નિવાસી (હાલ-મીરારોડ) સ્વ. શ્રી જીતેન્દ્રભાઈ ચંપકલાલ શાહના આત્મશ્રેયાર્થે હસ્તે જ્યોતિબેન જીતેન્દ્રભાઈ શાહ પરિવાર (મીરારોડ)
- લીંબડી નિવાસી (હાલ -અમદાવાદ) સ્વ. શારદાબેન મનસુખલાલ ખંધારની પુણ્યતિથી નિમિત્તે હસ્તે જસવંતભાઈ એમ. ખંધાર
- વિંછીયા નિવાસી (હાલ - ઘાટકોપર) સ્વ. દિવ્યાબેન કિર્તિકાન્ત અજમેરા ના સ્મરણાર્થે હસ્તે શ્રી કિર્તિકાન્ત શીવલાલ અજમેરા

# ફાનસ

૪૦-૫૦ની ઉંમરે પહોંચેલ ભાગ્યે જ કોઇ હશે જેને ફાનસ વિશે ખબર નહીં હોય. પરંતુ આજની ડિજિટલ દુનિયાથી જ વાકેફ છે તે પેઢી માટે ફાનસની સુવિધાથી પહેલાંની પેઢી દરેક કામ ફાનસના અજવાળે જ કરતી તે જાણીને નવાઇ લાગશે. ફાનસની દુનિયાની એક મજા હતી. આ લેખ મને વોટ્સએપ પરથી મળેલ છે. બહુ રોચક વાતો વણી લેવામાં આવી છે. માનું છું મિત્રોને ગમશે.

''ફાનસ''

ઘણા એ આ શબ્દ સાંભળ્યો નહીં હોય.

ફાનસનો પણ એક જમાનો હતો. દીવા કરતાં જેમના ઘરે ફાનસ હોય એ ચડિયાતું ગણાતું. ગરીબના ઘરે દીવો અને તવંગરના ઘરે ફાનસ વપરાતું. દીવો લઈને બહાર ન જવાય, થોડી હવા આવે એટલે બુઝાઇ જાય, ઓલવાઇ જાય, પરંતુ અંધારી રાતે ફાનસ લઈને બહાર ફરવા કે વાડી ખેતર જઈ શકાય. રાત્રે બહાર ગામડામાં જવાનું થાય ત્યારે બળદગાડાની આગળ ફાનસ સાધવામાં આવતું. ગામડામાં રેલગાડી આવે ત્યારે પણ સ્ટેશન ઉપર ફાનસ બતાવવામાં આવતું. રાત્રે કોઈને લેવા મૂકવા કે કોઈના ઘરે જવું હોય તો ફાનસ સાથે લઈને જવાતું અને ભણવાનું લેશન કરવાને પણ એને અજવાળે જમીન ઉપર બેસીને કરવું પડતું.

આ ફાનસનો પણ એક સમયે વટ હતો.

ઘરમાં લગભગ ૫/૬ ફાનસ તો રહેતા જ. એક દાદાને ઓરડે, એક ઓસરીએ, અને એક નવ પરણેતરને ઓરડે. બાકીના ડામચિયો હોય ત્યાં બધાની લાઇનમાં પથારી થઇ જાય. સૌ સૂઇ જાય સન્નાટો લાગે એટલે ફૂંક મારી ઓલવાય જાય. રસોડે પણ રસોઇ પૂરતું રખાતું હોય સાંજના સમયે. પણ બાકીના ફાનસો...કેરોસીન અને વાટો બધાની ચેક કરી રખાતા. ફાનસની કાચની ચીમની રોજ સાંજે ચુલાની રાખથી સાફ થતી. ચકચકિત આરપાર ચહેરો દેખાય એવી. ચીમની જેટલી વધારે સાફ થાય એટલો પ્રકાશ વધારે સારો પડે.



ત્યારે મોંઘા લીકવીડ નહોતા. બીગબઝાર પણ કયાં હતી? છતા સારી સફાઇ થતી.

સ્ત્રીનું રુટીન હતું સવારથી રાત સુધીનું. છતાં થાક હતો જ નહીં. ફાનસના આછા અજવાસમાં ગભાણમાં ગાયો ભેંશો ને નીણ પણ નખાતું.

ઓસરીએ પંગત પડે ત્યારે બે બાજુ એક એક ફાનસ ગોઠવતા. એ પ્રકાશમા સરસ ઢીલી ખીચડી ઘીથી લસપસતી. કઢી હોય. રોટલા-રોટલી, લોટવાળા મરચાં, કોઇ સરસ તેલ નીતરતું શાક. સ્વાદવાળું.

રાતનું વાળું થઇ જાય એટલે ફળીએ ફાનસ મૂકી વાસણ ઉટકાઇ જાય. ખાટલા પર ઊંધા મૂકી દે એટલે નીતરી જતા. કાંસાની થાળી, તાંસળી, લોટો એવા વાસણો હતા. નોનસ્ટીક એટલે શું? એ કદાચ ડીક્ષનરીમાં પણ આવ્યું નહીં હોય?

ઠંડી હોય તો સૂતી વખતે દૂધનો ગ્લાસ સૌ પોતપોતાના રૂમમાં લઈ જાય. દૂધ ફરજિયાત પીવાનું જ એવું વડીલો કેતા. દૂધ પણ ફલેવર વગરનું.

આ ફાનસના આછા-પીળા પ્રકાશમાં ભણતા એ આજ કયાંના કયાં પહોંચી ગયા છે. સારું ભણી ને.

ફાનસ કેટકેટલી સુંદર યાદોનું સાક્ષી રહ્યું હશે. આજ વરસાદ પડે, લાઇટ જાય ત્યારે ચાઇનીસ લાઇટો અંધા કરી દે એવી ઘરમાં આવી ગઇ છે. ઓટોમેટીક ચાલુ થઇ જાય પાછી.....? ભૂતની જેમ આંખ અંજાઈ જાય તેવી જડૂસ. પણ સાચું કવ.... ફાનસ સાથે જીવવાની મજા હતી હો..... એ ફાનસના આછાં અજવાળાંનો પ્રેમ, એમાં રહેલી કુટુંબ ભાવના, ધીમો પ્રકાશ આંખોનું તેજ સાચવી રાખતો. મોતિયો તો લાહુ જ હોય એવી માત્ર ખબર હતી. આંખમાં હોય? એ જડૂસ લાઇટો આવ્યા પછી ખબર પડી.

ફાનસમાં વાંચનાર શિક્ષક પણ સત્ય સાથે વિદ્યાદાન આપતા. ભણાવવાની રીત પણ ઠાવકી હતી. પીઢતા હતી. વિદ્યાર્થીઓ અને ટીચર વચ્ચેની એક પૂજનીય વડીલ અને બાળક વચ્ચેના સંબંધોની સંસ્કારી રેખા હતી. જ્ઞાન આપનાર ને વંદનીય ગણાતું, પણ હવેની આજ બદલાઇ છે જે લખવા જેવુ રહ્યું નથી.

ફાનસ માત્ર આછું અજવાળું નહીં પણ ઠંડીમાં હૂંફ પણ આપતું. ઢોલિયાની બાજુમાં રાત આખી સળગે અને ઠંડી ઉડાડે. એક પાતળાં ગોદડાં ટાઢ જીલતાં. મને ફાનસ ખૂબ ગમતા. આજ પણ સાચવીને રાખ્યા છે. આજ પણ લાઇટ જાય તો દીવા કરું છું મીણબત્તી નહીં. હવે ફાનસ મળે છે પણ ડીઝાઇનમાં આવવા લાગ્યા. અંદર ઝગમગતી વાટ નહીં પણ બલ્બ ખોંસી દીધા છે.

લોકો હવે જૂની ભાત ઉપસાવવા નવી રીત અજવાળવા લાગ્યા. લાગે છે ફાનસને ભુલ્યા નથી. ભુલાય એવું પણ નથી આ ફાનસ......... આશા અમર ફાનસનું એક બચ્ચું પણ દરેક ઘરમાં રહેતું. 'ટમટમિયું' કહેતા. રાતે એક ઓરડામાંથી બીજા ઓરડે જવા માટે, દાદરો ઉતરી ખડકી ખોલવા જવા વપરાતું. હાથમાં પકડીને ચાલવાનું. મને બરોબર યાદ છે, અમારા ઘરે બે ટમટમિયા હતા.

**અજ્ઞાત**

# મિસ્ડ કૉલ

**આશા વીરેન્દ્ર**

પ્રિયાને આ કૉલેજમાં રિસેપ્શનિસ્ટ તરીકે રહ્યાને ચાર દિવસ જ થયા છે. હજી શરૂઆત છે એટલે વાતાવરણ સાથે બરાબર ગોઠવાઈ નથી શકી, પણ ખાસ વાંધો નહીં આવે, કેમ કે એની સાથે કામ કરતી વિશાખા ભારે બોલકણી છે.

'ઓ મેડમ, લંચ ટાઈમ થયો. ભૂખ લાગી છે કે નહીં?' આમ કહેતાં એ પોતાનો પરાઠા - શાકનો ડબ્બો પ્રિયા સામે ધરતી.

'વિશાખા, મને અહીંની દુનિયા સાવ જુદી જ લાગે છે. બારમું ધોરણ પાસ કરીને આવેલા કિશોરોએ એક વર્ષ માટે અહીં જ કૉલેજ, અહીં જ ઘર અને અહીં જ સગા-સંબંધી માનીને રહેવું. કેવું લાગતું હશે એમને?'

'આવા બધા વિચારો કરીને બહુ ઈમોશનલ નહીં બનવાનું. આ વિદ્યાર્થીઓ એક વર્ષ માટે જ આ કેમ્પસમાં છે. આવતે વર્ષે આ લોકો બીજા કેમ્પસમાં જશે અને એમની જગ્યાએ બીજા નવા છોકરાઓ આવશે. અહીં તો આવન-જાવન ચાલ્યા જ કરે એટલે કોઈની સાથે બહુ લગાવ ન રાખવો.' વિશાખાએ સલાહ આપી. 'તારી વાત તો બરાબર છે. વિશાખા પણ મને રહી રહીને વિચાર આવે છે કે, મા-બાપથી, ઘરથી દૂર રહેતા આ કિશોરોને ઘર કેટલું યાદ આવતું હશે?'

'એમનાથી ભલે ઘરે ન જઈ શકાય પણ એમનાં માતા-પિતા, ભાઈ-બહેન, કોઈપણ દર બીજા અને ચોથા રવિવારે બપોરે ત્રણથી પાંચમાં અહીં આવીને એમને મળી શકે છે.'

વિશાખાએ ભલે કહ્યું પણ પ્રિયાના મનમાં કેટલાય સવાલ ઊઠતા હતા! કૉલેજ શહેરથી પંદરેક કિમી. દૂર છે. દર પંદર દિવસે કોના સંબંધી આવી શકે? ને જેનું



કોઈ ન આવતું હોય એ વિદ્યાર્થી કેટલો ઉદાસ થઈ જતો હશે?

એમ કરતાં રવિવાર આવી પહોંચ્યો. મોટા રિસેપ્શન હોલની એકેએક ખુરશી મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓથી ભરાઈ ગઈ હતી. કોઈને માટે ડબ્બામાં નાસ્તો આવ્યો હતો તો કોઈને માટે મીઠાઈ. કોઈ મા-બાપ પોતાના સંતાન માટે કેન્ટીનમાંથી આઈસક્રીમ પણ લાવ્યાં હતાં. બધાના ચહેરા પર આનંદ છલકાતો હતો. વિશાખાએ ભલે લગાવ વધારવાની ના પાડી હોય પણ પ્રિયા તો ઝીણી નજરે બધાના ચહેરાના હાવભાવનું નિરીક્ષણ કરી રહી હતી.

'વિશાખા, મને લાગે છે કે, કંઈ બધા જ વિદ્યાર્થીઓના મુલાકાતી નથી આવ્યા. તો યે બધા જ કેમ હૉલમાં આવી ગયા છે?'

'એ તો એવું છે કે, જેના મુલાકાતી આવ્યા હોય એ પોતાના દોસ્તને પણ ખેંચી લાવે અને મા-બાપ પણ પોતાનો દીકરો છે કે બીજાનો એ ભૂલીને પ્રેમથી એને ખવડાવે. અહીંની આ જ તો મજા છે. આને કહેવાય 'વસુવૈધ કુટુંબકમ્.' વિશાખાએ નાનકડું લેક્ચર આપી દીધું.'

'હા, એ તો મને સમજાયું પણ અહીં દૂરથી મને સંભળાતું નથી કે, જેનું કોઈ નથી આવ્યું એ છોકરાઓ મુલાકાતીઓ પાસે જઈને કશીક માગણી કરતા હોય એવું લાગે છે. એ લોકો શું માગે છે?'

હંમેશાં મજાક કર્યા કરતી વિશાખા થોડી ગંભીર થઈ ગઈ, 'જેને મળવા કોઈ ન આવ્યું હોય એવા વિદ્યાર્થીઓ આ સમયમાં પોતાનાં ઘરે ફોન કરી સ્વજનોનો અવાજ સાંભળીને સંતોષ માનતા હોય છે.'

'બિચ્ચારા છોકરાઓ.....' પ્રિયાથી નિઃસાસો નાખતાં બોલાઈ ગયું.

'હા, સાચે જ બિચારા કહેવાય. કેમ કે, સિક્કા નાખીને વાત કરી શકાય એવાં ફોન બોક્સ અહીં માત્ર ચાર જ છે. પંદરસો છોકરાઓ ને ચાર ફોન. લાંબી લાંબી લાઈનમાં વારો આવતાં જ કલાકો નીકળી જાય. પછી પણ પાછળ ઊભેલો છોકરો 'જલદી કર', 'જલદી કર' કર્યા કરતો હોય. એટલે આ લોકો મુલાકાતીઓ પાસે સેલફોન માગી પોતાનાં ઘરે મિસ્ડ કૉલ આપે એટલે પછી એમનાં ઘરેથી જવાબમાં ફોન આવે ને એ લોકો વાત કરી શકે.'

'હા, બરાબર. સામેથી જ ફોન આવે એટલે જેનો ફોન હોય એને ચાર્જ પણ ન લાગે.' પ્રિયાએ કહ્યું.

આ પછી દરેક વિઝિટિંગ સન્ડેએ પ્રિયા પોતાની કાચની કેબિનમાંથી રિસેપ્શન હૉલ તરફ જોઈ રહેતી. 'એક્સક્યુઝ મી અંકલ, મિસ્ડ કૉલ?' 'આન્ટી પ્લીઝ, વન મિસ્ડ કૉલ?' કહેતાં કહેતાં ફોનની માગણી કરતાં છોકરાઓ જાણે બટકું રોટલા માટે ટળવળતા ભિખારી જેવા લાગતા. અનુકંપાથી એનું હૈયું ભરાઈ જતું.

એ જોતી કે, કોઈ તરત એમને પોતાનો ફોન આપી દેતું તો કોઈ લાંબો વિચાર કર્યા પછી તો વળી કોઈ મોઢા પર અણગમાનો ભાવ લાવીને જાણે મોટી મહેરબાની કરતા

હોય એમ જલદી ફોન પતાવવાની તાકીદ કરીને ફોન આપતા તો ક્યારેક વળી કોઈ સાફ ના પણ પાડી દેતા.

એક રવિવારે એને સાવ જુદું જ દૃશ્ય જોવા મળ્યું. દૂબળો-પાતળો વિદ્યાર્થી કોની પાસે ફોન માગવો એની મૂંઝવણમાં ઊભો હતો ત્યાં એક સ્ત્રીએ એને સામેથી પોતાની પાસે બોલાવ્યો ને પછી ફોન આપ્યો. આ સ્ત્રી એકલી જ બેઠી હતી. એને કોઈ વિદ્યાર્થી મળવા નહોતો આવ્યો. પ્રિયાએ કેબિનમાંથી નીકળી એની પાસે જઈને પૂછ્યું, 'આપ કોને મળવા આવ્યાં છો ?'

'ગયે વર્ષે મારો દીકરો આ જ કેમ્પસમાં હતો.' એણે કહ્યું.

'ઓહ, તો તો આ વર્ષે એ બાજુનાં કેમ્પસમાં હશે, અહીં નહીં.'

'મને ખબર છે કે મારો દીકરો મને આ કેમ્પસમાં નહીં' મળે, કેમ્પસમાં તો શું પણ હવે મને એ દુનિયામાં પણ નહીં મળે.'

પ્રિયાને જોરદાર આંચકો લાગ્યો. 'તો શું ? તમે આટલે દૂરથી ફક્ત છોકરાઓને તમારો ફોન આપવા માટે જ આવો છો ?'

'હા, એના ગયા પછી મને ક્યાંય ચેન પડતું નહોતું. પછી મને વિચાર આવ્યો કે, લોકો પોતાના દિવંગત સ્વજનોની સ્મૃતિ જીવંત રાખવા કેવાં જાતજાતનાં કામ કરે છે ? મારે પણ કંઈક કરવું જોઈએ. મને યાદ આવ્યું કે, મારો દીકરો રવિવારે અમને મિસ્ડ કૉલ આપવા માટે કેટલાં ફાંફાં મારતો ! બીજા દીકરાઓને એવાં ફાંફાં ન મારવા પડે એટલે...'

બોલતાં બોલતાં એણે મોઢું ફેરવી લીધું.

❖❖❖

''અહિંસા પરમો ધર્મ''

## અમેરિકાની ૪૦ યુનિવર્સિટીમાં હવે જૈન ધર્મનો અભ્યાસક્રમ અહિંસા–સાત્ત્વિક આહાર પર કોર્સ

**યુએસમાં ૨૦૨૧માં ૬૯૩ માસ શૂટિંગ્સ, જે પૈકી ૩૪ ઘટના સ્કૂલમાં બની** : અમેરિકામાં ૨૦૨૧માં ૬૯૩ માસ શૂટિંગ્સની ઘટના બની. તેમાં ૩૪ ઘટનાઓ સ્કૂલમાં થઈ. હિંસાના ઉકેલની આશામાં ફેડરેશન ઓફ જૈન એસોસિએશન નોર્થ અમેરિકા (જૈના)ના પ્રસ્તાવ પર હવે અમેરિકાના ૪૦ યુનિવર્સિટીમાં જૈન ધર્મ પર કોર્સ શરૂ થશે. તેમાં જૈન ધર્મ પર પીએચડી તથા અહિંસા અને સાત્ત્વિક આહાર પર અલગ કોર્સ હશે.

**પીએચડી સહિત ૩૦થી વધુ કોર્સ** : જે ૪૦ વિશ્વવિદ્યાલયોએ જૈન ધર્મ પર પાઠ્યક્રમ શરૂ કરવા પર સહમતિ દર્શાવી છે તેમાં યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિન (મેડિસિન), યુનિવર્સિટી ઓફ કનેક્ટિકટ, કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી (ફ્રેંસો કેલિફોર્નિયા), યુનિવર્સિટી ઓફ કનેક્ટિકટ એટ સ્ટોર્સ, કેરીટૉસ કોમ્યુનિટી કોલેજ (લૉસ એન્જેલસ), યુનિવર્સિટી ઓફ ઇલિનૉય, યુનિવર્સિટી ઓફ ફ્લોરિડા, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા (લૉસ એન્જેલસ) અને યુનિવર્સિટી ઇલિનૉય (અર્બાના) સામેલ છે. અહીં જૈન ધર્મ સાથે જોડાયેલા ૩૦થી વધુ કોર્સ ભણાવવામાં આવશે. અમેરિકા ઉપરાંત ઈઝરાયલ, ગલ્ફ દેશ, એશિયામાં પણ આ પાઠ્યક્રમ શરૂ થશે.ભારતમાં બીએચયૂ અને નાલંદા યુનિવર્સિટીને પણ પ્રસ્તાવ આપવામાં આવશે.

**જૈન ધર્મનું શિક્ષણ હવે સામયિક** : જૈનાના અધ્યક્ષ ડૉ. સુલેખ જૈને જણાવ્યું કે હાલમાં વીગન અને નૉન વાયોલન્સ જેવા શબ્દો ઝડપથી લોકોની વચ્ચે બોલવામાં અને સાંભળવામાં આવી રહ્યા છે. જ્યારે જૈન ધર્મ અનેક હજાર વર્ષોથી આ જ વાતો કહી રહ્યો છે. અમને લાગ્યું કે લોકોને જૈન ધર્મની જાણકારી આપવી જોઈએ. તેથી વિશ્વવિદ્યાલયો સાથે સંપર્ક કર્યો.

**વિશ્વવિદ્યાલયો સાથે મળી પાઠ્યક્રમ તૈયાર કરી રહી છે જૈના** : અમેરિકા અને કેનેડામાં લગભગ ૧.૫ લાખ જૈન છે. જૈના સંસ્થા અમેરિકા, કેનેડા તથા યૂરોપના વિભિન્ન વિશ્વવિદ્યાલયોની સાથે મળી પાઠ્યક્રમ તૈયાર કરી રહ્યું છે. જેનો ખર્ચ અમેરિકામાં રહેનારા જૈન પરિવારો દ્વારા આપવામાં આવેલા ફંડથી ઉઠાવવામાં આવે છે. જૈન ધર્મ પર શોધ, પ્રોફેસરોને સંસ્કૃત, પ્રાકૃત અને હિન્દી ભાષા પર સ્પેશલાઇઝેશન કરવા, સિલેબસ તૈયાર કરવા, વિદ્યાર્થીઓની સ્કોલરશિપ પાછળ આ ફંડ ખર્ચાશે.

**૪૫૦ કરોડ રૂપિયા ખર્ચાશે, ૯૬ કરોડ ડૉ. જશાવંતે આપ્યા** : આ કામમાં લગભગ ૪૫૦ કરોડ રૂપિયા ખર્ચ થશે. પહેલા ચરણમાં ૧૫૦ કરોડ ખર્ચ થશે જે જૈનાએ દાનથી એકત્ર કર્યા છે. તેમાં શિકાગોમાં રહેનારા ગુજરાતના ડૉ. જશવંત મોદીએ ૯૬ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. ડૉ. મોદી વ્યવસાયે ગેસ્ટોએન્ટ્રોલોજિસ્ટ છે. બીજા ચરણમાં ૩૦૦ કરોડ રૂપિયા વિશ્વવિદ્યાલયો ખર્ચ કરશે.

# કલેક્ટર મેકઅપ કેમ નથી પહેરતા... ?

મલપ્પુરમ જિલ્લા કલેક્ટર શ્રીમતી રાની સોયામોઈ કોલેજના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરે છે.

તેણીએ કાંડા ઘડિયાળ સિવાય કોઈ દાગીના પહેર્યા ન હતા.

બાળકોને સૌથી વધુ આશ્ચર્યની વાત એ હતી કે તેણીએ ફેસ પાઉડરનો ઉપયોગ પણ કર્યો ન હતો.

આ ભાષણનો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ છે. તેણીએ માત્ર એક કે બે મિનિટ વાત કરી, પરંતુ તેના શબ્દો નિશ્ચયથી ભરેલા હતા.

ત્યારબાદ બાળકોએ કલેક્ટરને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

પ્રઃ મેડમ આપનું નામ શું છે ?

કલેકટરઃ મારું નામ રાની છે. સોયામોઇ મારું કુટુંબનું નામ છે. હું ઝારખંડની વતની છું.

બીજું કાંઈ પૂછવું છે ?.

પ્રેક્ષકોમાંથી એક પાતળી છોકરી ઊભી થઈ.

કલેકટરઃ પૂછો, બાળક.

મેડમ, તમે તમારા ચહેરા પર કોઈ મેકઅપ કેમ નથી વાપરતા ?

કલેક્ટરનો ચહેરો અચાનક નિસ્તેજ થઈ ગયો. તેમના પાતળા કપાળ પર પરસેવો છૂટી ગયો. તેમના ચહેરા પરનું સ્મિત ફિક્કું પડી ગયું. પ્રેક્ષકો અચાનક શાંત થઈ ગયા.

તેણીએ ટેબલ પરની પાણીની બોટલ ખોલી અને થોડું પાણી પીધું. પછી તેણે બાળકને બેસવાનો ઈશારો કર્યો. પછી તે ધીમે ધીમે બોલવા લાગ્યા.

બાળક તમે મૂંઝવણભર્યો પ્રશ્ન પૂછ્યો છે. જેનો જવાબ ક્યારેય એક શબ્દમાં આપી શકાય તેમ નથી. જવાબમાં મારે તમને મારી




જીવનકથા કહેવી પડશે. જો તમે મારી આ વાર્તા માટે તમારી કીમતી દસ મિનિટ અલગ રાખવા તૈયાર હોવ તો મને જણાવો.

પ્રેક્ષકોઃ તૈયાર...

મારો જન્મ ઝારખંડના આદિવાસી વિસ્તારમાં થયો હતો.

કલેક્ટર થોભ્યા અને પ્રેક્ષકો તરફ જોયું.

મારો જન્મ કોડરમા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં એક નાનકડી ઝૂંપડીમાં થયો હતો, જે મીકા ખાણોથી ભરેલી છે.

મારા પિતા અને માતા ખાણિયા મજૂર હતાં. મારે ઉપર બે ભાઈઓ અને નીચે એક બહેન હતી. અમે એક નાની ઝૂંપડીમાં રહેતાં હતાં જે વરસાદ પડતાં લીક થઈ જાય તેવી છે.

મારા માતા-પિતા નજીવા વેતન માટે ખાણોમાં કામ કરતાં હતાં કારણ કે તેઓને બીજી નોકરી મળી ન હતી. તે ખૂબ જ અવ્યવસ્થિત કામ હતું.

જ્યારે હું ચાર વર્ષની હતી ત્યારે મારા પિતા, માતા અને બે ભાઈઓ વિવિધ બીમારીઓથી પથારીવશ હતાં.

તે સમયે તેઓ બહુ ઓછું જાણતા હતા કે ખાણોમાં જીવલેણ મીકા નામની ધૂળ શ્વાસમાં લેવાથી આ રોગ થાય છે.

હું પાંચ વર્ષની હતી ત્યારે મારા ભાઈઓ બીમારીથી મૃત્યુ પામ્યા હતા.

એક નાનકડો નિસાસો લઈને કલેક્ટરે વાત કરવાનું બંધ કર્યું અને આંસુઓથી ભરેલી આંખો બંધ કરી.

મોટાભાગના દિવસોમાં અમારા આહારમાં પાણી અને એક કે બે રોટલીનો સમાવેશ થતો હતો. મારા બંને ભાઈઓ ગંભીર બીમારી અને ભૂખમરાથી આ દુનિયા છોડી ગયા. મારા ગામમાં એવા કોઈ લોકો નહોતા કે જેઓ ડૉક્ટર પાસે કે શાળાએ જતા. શું તમે શાળા, હોસ્પિટલ અથવા તો શૌચાલય વિનાના ગામની કલ્પના કરી શકો છો ? વીજળી વિના પણ ?

એક દિવસ જ્યારે હું ભૂખી હતી, ત્યારે મારા પિતા મને ચામડી અને હાડકાં સાથે પકડી લીધા અને મને કોરોગેટેડ લોખંડની ચાદરથી ઢંકાયેલી એક મોટી ખાણમાં ખેંચી ગયા.

તે એક અભ્રક ખાણ હતી જે સમય જતાં કુખ્યાત થઈ હતી.

તે એક પ્રાચીન ખાણ છે જે ખોદીને અંડરવર્લ્ડમાં નાખવામાં આવી હતી. મારું કામ તળિયે આવેલી નાની ગુફાઓમાંથી પસાર થવું અને અભ્રક, અયસ્ક એકત્રિત કરવાનું હતું. જે ફક્ત દસ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે જ શક્ય હતું.

મારા જીવનમાં પહેલીવાર મેં રોટલી ખાધી અને પેટ ભરેલું હતું, પણ તે દિવસે મને ઉલટી થઈ.

હું પ્રથમ ધોરણમાં હતી ત્યાં સુધીમાં, હું અંધારાવાળા ઓરડાઓમાંથી અભ્રક સૂંઘી રહી હતી જ્યાં હું ઝેરી ધૂળનો શ્વાસ લઈ શકતી હતી.

કમનસીબ ત્યાં બાળકો માટે પ્રસંગોપાત ભૂસ્ખલનમાં મૃત્યુ થવું એ અસામાન્ય બાબત ન હતી અને ક્યારેક ક્યારેક કેટલાક જીવલેણ રોગો સાથે.

જો તમે દિવસમાં આઠ કલાક કામ કરો છો, તો તમને ઓછામાં ઓછી એક રોટલી મળશે. ભૂખ અને ભૂખને કારણે હું દરરોજ પાતળી અને નિર્જલીકૃત થતી હતી.

એક વર્ષ પછી મારી બહેન પણ ખાણમાં કામ કરવા જવા લાગી. જલદી હું થોડી સ્વસ્થ થઈ, મારા પિતા, માતા, બહેન અને મેં સાથે મળીને કામ કર્યું અને એક એવા સ્થાન પર આવ્યા જ્યાં અમે ભૂખ વગર રહી શકીએ.

પરંતુ સમયે અમને બીજા સ્વરૂપમાં ત્રાસ આપવાનું શરૂ કર્યું. એક દિવસ જ્યારે હું ખૂબ તાવને કારણે કામ પર જતી ન હતી ત્યારે અચાનક વરસાદ પડ્યો. ખાણના પાયા પર કામદારોની સામે ખાણ તૂટી પડતાં સેંકડો લોકો મૃત્યુ પામ્યા હતા. તેમાં મારા પિતા, માતા અને બહેન પણ હતાં.

કલેક્ટરની બંને આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. પ્રેક્ષકોમાંના દરેક લોકો શ્વાસ લેવાનું પણ ભૂલી ગયા હતા. ઘણાની આંખો આંસુઓથી ભરાઈ ગઈ.

મને યાદ છે કે હું માત્ર છ વર્ષની હતી.

આખરે હું સરકારી અગતિ મંદિરે પહોંચી. ત્યાં હું ભણી. મૂળાક્ષરો શીખનાર હું મારા ગામમાંથી પહેલી હતી. ફળ સ્વરૂપે આખરે અહીં કલેક્ટર તમારી સામે છે.

તમે વિચારતા હશો કે હા હું મેકઅપનો ઉપયોગ નથી કરતી તેની વચ્ચેનુ શું કનેક્શન છે ?

તેણીએ ચાલુ રાખ્યું, પ્રેક્ષકો તરફ નજર કરી.

ત્યાં જ મને સમજાયું કે તે દિવસોમાં અંધકારમાંથી પસાર થતી વખતે મેં જે આખું અભ્રક એકત્રિત કર્યું હતું તેનો ઉપયોગ મેકઅપ ઉત્પાદનોમાં કરવામાં આવતો હતો.

મીકા એ ફલોરોસન્ટ સિલિકેટ ખનિજનો પ્રથમ પ્રકાર છે.

ઘણી મોટી કોસ્મેટિક કંપનીઓ દ્વારા ઓફર કરવામાં આવતા મિનરલ મેકઅપ્સમાં સૌથી વધુ રંગીન મલ્ટિ-કલર્ડ મીકા છે જે ૨૦,૦૦૦ નાનાં બાળકોના જીવના જોખમે તમારી ત્વચાને ચમકદાર બનાવે છે.

ગુલાબની કોમળતા તમારા ગાલ પર તેમના સળગતા સપનાં, તેમના વિખેરાઈ ગયેલા જીવન અને ખડકો વચ્ચે કચડાયેલા તેમના માંસ અને લોહી સાથે ફેલાય છે.

લાખો ડોલરની કિંમતના અભ્રક હજુ પણ ખાણોમાંથી બાળકોના હાથ દ્વારા લેવામાં આવે છે. ફકત આપણી સુંદરતા વધારવા માટે.

હવે તમે મને કહો.

હું મારા ચહેરા પર મેકઅપ કેવી રીતે લગાડી શકું? ભૂખમરાથી મૃત્યુ પામેલા મારા ભાઈઓની યાદમાં હું કેવી રીતે પેટ ભરીને ખાઈ શકું? હંમેશાં ફાટેલા કપડાં પહેરતી મારી માતાની યાદમાં હું મોંઘા રેશમી વસ્ત્રો કેવી રીતે પહેરી શકું ?.

એક નાનકડું સ્મિત ભરીને મોં ખોલ્યા વિના માથું પકડીને બહાર નીકળતી વખતે દરેક પ્રેક્ષકો અજાણતાં ઊભા થઈ ગયા. તેમના ચહેરા પરનો મેક-અપ તેમની આંખોમાંથી ટપકતા ગરમ આંસુમાં ભીંજાવા લાગ્યો હતો.


સ્ત્રીઓને ફેસ પાઉડર, ક્રીમ, લિપસ્ટિકથી ભરેલી જોઈને તેમાંના કેટલાકને અણગમો થાય તો તેમને દોષ ન આપો.

(ઝારખંડમાં હજુ પણ ઉચ્ચ ગુણવત્તાની અભ્રકનું ખાણકામ કરવામાં આવે છે. ત્યાં ૨૦,૦૦૦થી વધુ નાનાં બાળકો શાળાએ ગયા વિના કામ કરે છે. કેટલાક ભૂસ્ખલન અને કેટલાક રોગથી દટાયેલા છે.) ❖❖❖

## આપણો શબ્દવૈભવ

મઢૂલી : કુટિર, ઝૂંપડી, ખોરડું, કુટિયા, છાપરી
નફો : લાભ, ફાયદો, ઉપજ, મળતર, પેદાશ, બરકત, જયવારો, આવક
વિકાસ : ઉત્કર્ષ, ઉન્નતિ, પ્રગતિ, ડતી
પથ્થર : પાષાણ, ઉપલ, શિલાખંડ, પ્રસ્તરચટ્ટાન
કાયમ : શાશ્વત, લગાતાર, હંમેશાં, નિરંતર, સતત, નિત્ય, સદા ધ્રુવ, સનાતન, અવિનાશી
દર્દી : બિમાર, માંદુ, રોગી, મરીઝ, રુગ્ણ
પગરખાં : જૂતાં, ચંપલ, પાદત્રાણ, જોડાં
આભાર : ઉપકાર, પાડ, અહેસાન, કુતજ્ઞતા
માર્ગ : રસ્તો, પંથ, રાહ, ડગર, વાટ, સડક, પથ
સીમા : હદ,મર્યાદા, અવધિ, સરહદ, મલાજો, લાજ, લાનત, શરમ
અનુગ્રહ : કુપા, દયા, કરુણા, મહેરબાની, મહેર, અનુકંપા
પવિત્ર : પાવન,પનોતું, શુચિ, નિર્મલ, શુદ્ધ, ચોખ્ખું, સ્વચ્છ, વિમળ, પુનીત
અચરજ : વિસ્મય, આશ્ચર્ય, નવાઈ, અચંબો, હેરત
મંદિર : નિકેતન, દેવાલય, દેરું, દેવળ
દૂધ : ક્ષીર, દુગ્ધ, પય
નામ : અભિધાન, સંજ્ઞા
માતા : જનની, જનેતા, મા, મૈયા,
મોતી : મૌક્તિક, મુકતા
સમીક્ષા : અવલોકન, નિરીક્ષણ, વિવેચન
વિષ્ણુ : ચતુર્ભુજ, વૈકુંઠ, મુરારિ, ગોવિંદ
ચિંતા : બળાપો, ઉદ્વેગ, કલેશ, સંતાપ, ફિકર
પ્રેમ : સ્નેહ, હેત, રાગ, પ્રીતિ, મમતા, વહાલ, નેડો, ચાહ, વાત્સલ્ય
ખેડૂત : કિસાન, કૃષિકાર, કૃષક, કૃષિવલ
બ્રહ્મા : પ્રજાપતિ, વિધાતા, વિરંચી, સ્ત્રષ્ટા
ચંદન : સુખડ, મલયજ

*(સમાપ્ત)*



# સ્વામી આનંદ

**મૃદુલા માત્રાવાડિયા**

નદીનું મૂળ અને સાધુનું કુળ ન પુછાય, પણ આ એક એવા સાધુની વાત છે જે અનેકના દાદા હતા એ સ્વામી આનંદ. તેમનું સાચું નામ હિંમતલાલ રામચંદ્ર મહાશંકર દવે. ઈ.સ. ૧૮૮૭માં સૌરાષ્ટ્રના શિયાણી ગામે તેમનો જન્મ. પિતા પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. માતા ભણેલાં નહીં, પણ ગણેલાં ઘણું. કોઈ નાની અમથી વાત પર પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થઈ. પિતાએ માને કહ્યું, 'તું શું સમજે છે?'

